॥ ॐ नमः श्रीकृष्णाय ॥

श्रीमद्भागवत

॥ मन्त्रप्रयोगावलिः ॥

[ઉપાસનાયોગનાં અંગો સાથે]



: લેખક :

રમણલાલ કૃષ્ણરામ શાસ્ત્રી

ભાગવતભૂષણ

પ્રકાશક :

શ્રી રમણલાલ કૃષ્ણરામ શાસ્ત્રી
શ્રી જનતા જનાર્દન ભાગવત ટ્રસ્ટ
૫૫, પંકજ સોસાયટી, સરખેજ રોડ,
અમદાવાદ–૭.

*
* *

આવૃત્તિ બીજી

ભાદ્ર, સુદ ૧૫, ૨૦૩૦
તા. ૧–૧૦–'૭૪
મૂલ્ય : રૂા. **પાંચ**
ટપાલ ખર્ચ અલગ

*
* *

મુદ્રક :

ભોગીલાલ જેશિંગભાઈ શાહ
સન્મતિ મુદ્રણાલય
બહુચર કૃપા,
અવનિકા પાર્ક, ખાનપુર,
અમદાવાદ–૧

॥ सत्यं परं धीमहि ॥



સમર્પણ

ભાવકુસુમાંજલિ

અનુષ્ટુપ્

વિયોગે યોગ સંયોગે રહયો સંયમયોગ જ્યાં
એવા સ્વજનના હૈયે ભર્યો શોક નિવારવા
વિપ્રયોગ વસ્યો હૈયે પ્રભુનાં નામ કીર્તને
છતાં જીવસ્વભાવે જે સતાવે સર્વ કોઈને
તેના નિવારણાર્થે આ મંત્રો ભાગવતે કહયા
અર્પું મન વસેલાને સિદ્ધ શાન્તિસુખાવહા
બન્યાં વિયોગથી મ્લાન વૃદ્ધો સ્વજન બાળકો
તે સૌ સદ્ભાવ સૌજન્યે પુણ્યથી આ સદા વધો
સર્વકો સુખ આરોગ્ય ભદ્ર ને શાન્તિ પામજો
સ્નેહી સ્વજનનો આત્મા શ્રીપદે શાન્તિ લાધજો.

ભગવત્સ્મરણપૂર્વક
ધરમસી ખટાઉ.

ગો. વા. સૌ. હેમકળાબેન ધરમસી ખટાઉ



: જન્મ :

સંવત ૧૯૭૩ વૈશાખ સુદ ૮

તા. ૨૪-૪-૧૯૧૭

: ગોલોકવાસ :

સં. ૨૦૨૯ કારતક સુદ ૭ સોમવાર,

તા. ૧૩-૧૧-૭૨

પ. પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્‌વલ્લભકુલાવતંસ,

૧૦૮ શ્રીગોસ્વામી દીક્ષિતજી મહારાજ, (મુંબઈ)નો

આશીર્વાદ

વિદ્વદ્‌રત્ન પંડિત **શ્રીયુત રમણલાલ શાસ્ત્રીજી** દ્વારા શ્રીમદ્‌ભાગવત ઉપર અનેક નિબન્ધો લખાયા છે, જે સુપ્રસિદ્ધ છે. તે બધામાંથી સંપ્રતિ મંત્રશાસ્ત્રીય દૃષ્ટિકોણથી લખાયેલો નિબંધ પોતાનું વિશિષ્ટ સ્થાન જાળવે છે. **શ્રીમદ્‌ભાગવત મંત્રપ્રયોગાવલિ** નિબંધ-દ્વારા શાસ્ત્રીજી રમણલાલજીનું મંત્રશાસ્ત્ર સંબંધી ગંભીર અધ્યયન પ્રત્યક્ષ થાય છે. "न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते" આ પ્રતિજ્ઞાને ઉદ્‌ઘોષ કરતાં વેદવ્યાસ શ્રીભાગવતના પ્રત્યેક અક્ષરની નિશ્ચિત ફલસાધકતા પ્રબલ રીતે સમર્થિત કરે છે. તેથી પ્રયોગાવલિમાં નિર્દિષ્ટ પ્રયોગોની સફળતા સંબંધી શંકાંકુરોદ્‌ભવ આસ્તિક હૃદયમાં થવો સર્વથા અશક્ય છે. "प्रचोदिता येन पुरा सरस्वती वितन्वताऽजस्य सती स्मृती हृदि" આ પદ્યાર્ધમાં નિર્દિષ્ટ સરસ્વતી શબ્દ સમાનાર્થક ભારતી શબ્દ 'न भारती मेऽङ्ग' આ પદ્યાર્ધમાં પ્રયુક્ત હોવાથી શ્રીમદ્‌ભાગવતની વેદાત્મકતા, મંત્રાત્મકતા, નિત્યતા, ભગવત્પ્રેરિતતા, અત એવ નિર્ણાયકતા નિશ્ચિતફલસાધકતા વ્યક્તરીત્યા સિદ્ધિ-

શિખરારૂઢ થાય છે. તથા वितन्वताऽजस्य આ પદ્ય ભાગનો તેને ब्रह्महृदा આ પદ્ય ભાગ પ્રત્યભિજ્ઞાપક હોવાથી પણ વેદાત્મિકા મન્ત્રાત્મિતા સરસ્વતીનું જ પ્રતિપાદન 'प्रचोदिता' આ પદ્યમાં કર્યું છે. અને તે જ સરસ્વતીરૂપતા શ્રી ભાગવતની 'न भारती मेऽङ्ग' આ પદ્યાન્તર્ગત 'भारती' શબ્દ સિદ્ધ કરે છે. તેથી ભાગવતમાં મંત્રો ક્યાં? એમ કહેનારાંઓને નારી-કંચુકાવગુણ્ઠિતાવસ્થામાં આવૃતમુખ થઈ પલાયનમાત્ર શરણ અવશિષ્ટ રહે છે. પ્રથમ શ્લોકની ગાયત્રી-સારરૂપતા પણ શ્રીમદ્‌ભાગવતની મન્ત્રપ્રચુરતાને ઉપોદ્‌બલિત કરે છે. જ્યારે શ્રીમદ્‌ભાગવતમાં મંત્ર-સત્તા સિદ્ધ થાય છે, ત્યારે મન્ત્રશાસ્ત્રીય દૃષ્ટિકોણથી નિબન્ધ લખવાની આવશ્યકતા હતી, તે શાસ્ત્રીજી રમણલાલજીએ પૂર્ણ કરી છે. પ્રભુ એમના હાથે આવાં અનેક સત્કાર્યો સર્વદા ચિરકાલ સુધી કરાવે. इति शम्

नि. ली. गोस्वामी दीक्षितजी

સંસ્થાકીય નિવેદન

પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આ સંસ્થાએ એના સાત વર્ષના ગાળામાં ઘણા તડકાછાયા જોયા. શરૂઆતમાં એની આર્થિક સ્થિતિ વિષમ હતી, પણ મહાગુજરાતના તેમ જ બહારના ધાર્મિક અને લોકોપકારક સમાજે આ સંસ્થાને એના આર્થિક લક્ષ્યાંક સુધી પહોંચાડી છે. થોડીઘણી ત્રુટિ છે તે સર્વેશ્વર પૂર્ણ કરશે.

ચાલુ વર્ષનું આ ત્રીજું પ્રકાશન છે એ સંસ્થાનું સદ્ભાગ્ય છે. શ્રી સત્યનારાયણ વ્રત કથા તથા Shrimad Bhagawatam Vol. I જેવા મૂલ્યવાન ગ્રન્થો ચાલુ વર્ષે બહાર પડયા. આ ગ્રંથાવલીનું આ વર્ષનું ત્રીજું પુસ્તક છે.

'શ્રીમદ્ભાગવત મંત્રપ્રયોગાવલિ' આ ગ્રન્થ પરમ ભગવદીય શેઠ શ્રી ખટાઉ વલ્લભદાસ, મુંબઈ,ની આર્થિક સહાયતાથી ઈ. સ. ૧૯૬૨માં પ્રસિદ્ધ થયો હતો. એનાં અનુષ્ઠાનોથી અનેક વૈષ્ણવોને લાભ થયો. એના ઉપર અનેક સંતો, મહાત્માઓ, આચાર્યો અને પંડિતોના સફળ અભિપ્રાયો મળ્યા. આ લોકોપકારક ગ્રન્થના પુનર્મુદ્રણ માટે સમાજનો ખૂબ આગ્રહ હતો.

આમ એની અનેક સિદ્ધિઓનાં પ્રમાણપત્રો જોતાં તથા પ્રત્યક્ષ અનુભવો થતાં શ્રી જનતા જનાર્દન ભાગવત ટ્રસ્ટે એના પુનર્મુદ્રણનો નિર્ણય કર્યો, અને આજ આ ગ્રન્થ ફરીથી શ્રી જનતા જનાર્દનને ચરણે ધરતાં આનંદ થાય છે. જે દાતાઓના દાનથી આ ગ્રન્થને મૂર્ત સ્વરૂપ મળ્યું છે તેમનો આ સ્થળે આભાર માનીએ છીએ.

આ ગ્રન્થમાં બતાવેલા મંત્રો અને પ્રયોગો સર્વ કોઈ અનુષ્ઠાન કરનારને સર્વ પ્રકારનાં સુખ અને શાન્તિ આપો એ શ્રીચરણમાં પ્રાર્થના. અંતમાં આ ટ્રસ્ટ સર્વતોભદ્ર બનો એ શુભેચ્છા.

મથુરાદાસ મંગળદાસ

પ્રમુખ : શ્રી. જ. જ. ભા. ટ્રસ્ટ

આમુખ

ચિન્તન ચિન્તામણિ છે. તત્ત્વચિન્તન ચિન્તાસન્તાનતતિને નિવારે; માનવમતિને સુધારે અને હિતસુધાવારિધિને તીરે વારે.

વિષમતાઓને લીધે, વિષયદીનતાને પરિણામે, વિસંવાદી જીવનરીતિને કારણે, વિશેષ લાલસાઓને નિમિત્તે અને વિરુદ્ધ શીલ-સ્વભાવને અન્વયે માનવ ચિન્તાતન્તુજાળમાં સ્વયં બદ્ધ બન્યો ને કરબદ્ધ થઈ સર્વને કરગરવા લાગ્યો; પૂર્ણ સ્વતંત્ર એ પરતંત્ર અવસ્થામાં મુકાયો. આશાઓએ એને ઘેરી લીધો. ક્રિયાઓ એની કામધેનુઓ બનવાની હતી, પણ તેમાં પ્રક્રિયા–પ્રજ્ઞા–પરિનિષ્ઠાના અભાવે ક્રિયાઓ વિપરીત બની ગઈ, તે સર્વ કામનાઓનાં સ્વરૂપ લઈ માનવ સન્મુખ થઈ...માનવ સુખ–સેવા–શ્રદ્ધા–ત્યાગ–ઈશ્વરપ્રણિધાનથી વિમુખ થયો. જો તે અભિમુખ બને, તો વિપુલ સુખ મેળવે ને વિશ્વને ચરણે સુખસમૂહનું સમર્પણ કરે, અને તેનામાં સ્વાભાવિક સ્વતંત્રતા આવે.

મંત્ર, તંત્ર અને યંત્રના ત્રિવિક્રમના અવલંબને જેનો જીવન-ક્રમ હોય તેનાં નાનાં પણ કાર્યો અદ્ભુત પરાક્રમો બને ને પોતાની સ્વતંત્રતાના સ્વરૂપનો અનુભવ કરે.

ઋષિમુનિઓ સ્વતંત્રતાના પૂર્ણ હિમાયતીઓ હતા. તેઓ ઈશ્વરના અનન્ય ભક્ત હતા અને જીવનસર્વસ્વ હરિચરણે સમર્પતા, તોપણ ઈશ્વર પાસે કાંઈ પણ ગરજથી કરગરતા નહિ. તેઓ ગળગળા થઈ ગુણગાન ગાતા અને સજલ નયને નાથને નવાજતા, કારણ કે તેમની ક્રિયાઓનાં ફળ તેમના કરગત હતાં. તેનું કારણ એક જ કે મંત્ર, તંત્ર અને યંત્ર એ વિશ્વવિજયિની શક્તિઓને તેમણે હસ્તગત કરી હતી.

મંત્રાદિ સુખસામગ્રી ને આનંદ સમ્પાદન કરવાના આધારો છે.

મંત્ર એટલે માર્ગદર્શન. વ્યક્તિના નાના હિતથી આરંભીને સમષ્ટિના વ્યાપક અને સર્વોત્કૃષ્ટ હિતનાં સાધક સાધનોનો સંગ્રહ,

માર્ગદર્શન અને પરિનિષ્ઠિત વિચારોનો જેમાં સમાવેશ છે એ મંત્ર છે. તપઃશીલના અનુશીલને વિમલ બનેલા અન્તઃકરણના આભ્યન્તર ભૂમિતલમાં કરેલા ઈશ્વરસાક્ષાત્કારથી ને ઈશ્વરાનુગ્રહથી સ્વયંસ્ફુરિત થયેલાં દર્શનો એ મંત્રો છે; જેમ મુનિ કૌશિકને સ્ફુરેલી સાવિત્રી.

મંત્રોમાં બે વિભાગ: એક ક્રિયા અને બીજો વિવેક. ક્રિયા પ્રત્યેક ફલ પ્રદાન કરનારી કામદુધા, અને વિવેક પ્રત્યેક ફળને સમર્પણ કરાવી આત્મસન્તોષને જાગ્રત રાખનારી તત્ત્વમીમાંસા.

મંત્રવિભાગ એટલે એક ડૉક્ટરનું Operation Theatre, જેમાં સાવધાનતાથી ક્રિયા કરવાની સમગ્ર સામગ્રી છે. વિશ્વાસ અને શ્રદ્ધા ત્યાં મૂર્તિમંત છે, કારણ કે એ એનું વિજ્ઞાન છે. વિજ્ઞાન એટલે અનુભવ અને અનુભવમાંથી મેળવેલી વિજયસિદ્ધિ. કર્મકાણ્ડ પણ એવી જ અજબ કાર્યશક્તિ છે.

આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય, અન્ન, રત્ન, કલા આદિ સર્વ સંપાદન કરવાની અને સંપાદન કરેલાંઓને સંભાળવાની સમસ્ત કાર્યપદ્ધતિનું દર્શન એ મંત્રશક્તિ છે.

જીવન ઘડવાની, જીવન જીવવાની, જીવનસફળતાઓ સંપાદન કરવાની, જીવનવિક્ષેપો દૂર કરનારી નિર્ણીત, અનુભૂત અને સફળ જ્ઞાનધારાઓ એ ઋષિઓની મંત્રસંપત્તિ.

તંત્ર એટલે કાર્યદર્શન. બુદ્ધિને મળેલા માર્ગદર્શનની ક્રિયાઓ સાથે વ્યવસ્થિત રીતની ગૂંથણી, જેથી કોઈ પણ મંત્રની નિષ્ફળતા ન થાય અને ક્રિયાશીલમાં નિરાશા ને નિષ્ક્રિયતા ન આવે. મનોવિચારિત નિર્ણીત યોજનાઓનું કાર્યાન્વિત સ્વરૂપ એ જ તંત્ર છે.

યંત્ર એટલે સાધનદર્શન. કાર્યસાધનાને સ્પર્શતાં સાધનો, જેની રચના મંત્ર-તંત્રના સંગમથી બને. મનોબળ મંત્રમાંથી મેળવી, કાર્યબળ તંત્રમાંથી મેળવી, યંત્ર દ્વારા કાર્યને સફળ કરવું.

આવાં એક સમાજનાં અનેક લૌકિક–અલૌકિક કાર્યોના હિતમેં અનુલક્ષી આર્યદ્રષ્ટાઓએ મંત્રાદિની શોધ કરી જગતના ચોકમાં મૂકી. લગભગ આધ્યાત્મિક સાહિત્યને સ્પર્શતા દરેક ગ્રન્થમાં મંત્રાદિ સમાયેલાં હોય છે.

શ્રીમદ્‌ભાગવત એ એક સાહિત્યમહાર્ણવ છે. એમાં સર્વના હિતની સાધનસામગ્રીનો સંગ્રહ છે. એમાંથી મંત્રશાસ્ત્રનો એક શીતલ સ્રોતસ્ વહે છે. કોઈ વિચક્ષણ કોવિદને હાથે એના થતા અભ્યાસમાં ઘણી લોકોત્તર સામગ્રીઓ તેમાંથી મળે.

શાસ્ત્રી શ્રી રમણલાલભાઈ એક અભિજાત બહુશ્રુત સૂરિના સ્વાધ્યાય–અનુશીલનમાંથી અભિશોધિત અને પ્રકાશિત થતો **શ્રીમદ્‌-ભાગવત મંત્ર પ્રયોગાવલિ’** ગ્રન્થ સૌને એના ઉપયોગે એનો પ્રત્યક્ષ લાભ અનુભવાવશે.

લગભગ એક શતની સમીપ પહોંચતા મન્ત્રગ્રન્થની ઉપકારિતા તો શ્રદ્ધાળુ ને બુદ્ધિમાન ઉભયને એક સરખી જ થશે.

પાંચેક ભાગમાં વણાયેલ આ સાહિત્ય પ્રતિ પ્રકરણે વિશેષતા ધરાવે છે. શ્લોકબદ્ધ નામાવલિ ને ચતુર્થ્યન્ત નમસ્કાર નામાવલિ શ્રીશાસ્ત્રીજીની શ્રમભક્તિનાં પૂરક અંગો છે.

શ્રી શાસ્ત્રીજીની સ્વયંલિખિત પ્રસ્તાવના તથા ઉપાસનાયોગનાં અંગોના પ્રકરણને અભ્યાસ નજરે જોવાથી ગ્રન્થમાં પ્રવેશમાર્ગ મળશે.

મને આશા છે કે ગ્રન્થનો સાદર ત્યારે મનાશે કે કોઈ પણ એના એકાદ પ્રયોગથી પણ મનઃપ્રસાદ સંપાદન કરશે.

આવાં અનેક લોકહિતાવહ સંશોધન શ્રી શાસ્ત્રીજીએ સમાજને આપ્યાં છે અને વધુ આપે એવું જ અભિનંદન આપવું એમના શાસ્ત્રાભ્યાસંગી જીવનને અનુરૂપ લેખું છું. પ્રભુનો આ ગ્રન્થમાં વરદ હાથ છે. એટલેથી વિરમું છુ.

ડાકોર
૫–૪–૧૯૬૧

કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી

બીજી આવૃત્તિનું નિવેદન

આજના ભૌતિકવાદના જમાનામાં આવા શ્રદ્ધાપ્રધાન અને પ્રયોગાત્મક ગ્રન્થનું પુનર્મુદ્રણ જ એની પરમ સિદ્ધિ છે.

ઉપયોગી હોવા છતાં આજની કાગળની કારમી અછત અને મોંઘવારીને લીધે અમો નામચંદ્રિકા આપી શક્યા નથી તેનું અમને દુઃખ છે. વિદ્વાન પંડિતોને એના પ્રતિનિધિ તરીકે શ્રીવિષ્ણુ સહસ્રનામનો ઉપયોગ કરવા વિનંતિ છે.

આ ગ્રંથની બીજી આવૃત્તિના પ્રકાશનમાં પણ મારા પરમ સ્નેહી અને જયેષ્ઠબન્ધુ સમા પ. ભ. મુ. શેઠ શ્રી ખટાઉ વલ્લભદાસની પ્રેરણાથી તેમના સુપુત્ર શ્રી ધરમસીભાઈએ તેમનાં પત્ની ગો. વા. સૌ. હેમકલાબેનના પુણ્યસ્મરણાર્થે જે આર્થિક સહાય કરી છે તે માટે ટ્રસ્ટ તેમનો આભાર માને છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના પવિત્ર આત્માને ચિરશાન્તિ આપો અને તેમના કુટુંબને સર્વ રીતે સુખી કરો.

શેષ હરિકૃપા.

રમણલાલ કૃ. શાસ્ત્રી
ભાગવતભૂષણ

પ્રાસ્તાવિક

(પહેલી આવૃત્તિનું નિવેદન)

॥ ॐ नमः श्रीकृष्णाय ॥

वैदिकस्तान्त्रिको मिश्र इति मे त्रिविधो मखः ।
त्रयाणामीप्सितेनैव विधिना मां समर्चयेत् ॥

भा. ११-२७-७

एवं क्रियायोगपथैः पुमान् वैदिकतान्त्रिकैः ।
अर्चन्नुभयतः सिद्धिं मत्तो विन्दत्यभीप्सिताम् ॥
भा. ११-२७-४९

ઈશ્વરનિર્મિત સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુની મહત્તા તેના વાસ્તવિક દર્શનમાં છે. શીત દેશ-કાલમાં અગ્નિની મહત્તા, ઉષ્ણ દેશ-કાલમાં ઠંડા જળની મહત્તા, જ્ઞાની પાસે જ્ઞાનની, ભક્ત પાસે ભક્તિની, અને યોગી પાસે જ યોગની મહત્તા છે. એક જ વસ્તુ દેશ, કાલ અને પાત્ર મુજબ પોતાની મહત્તા પ્રાપ્ત કરે છે અથવા ગુમાવે છે. આ બાબતમાં રાજર્ષિ ભર્તૃહરિ એક સુંદર વિચાર આપે છે:

તાપથી તપેલાં લોઢા ઉપર આકાશજળ સ્વત્ત્વ ગુમાવે છે. તે જ જળ સરોવરમાં રહેલા કમળપત્ર ઉપર મોતી સમાન ભાસે છે, જ્યારે સ્વાતિ નક્ષત્રમાં વરસેલું તે જ પાણી મોતી ઉત્પન્ન કરનાર માછલીના મુખમાં પડતાં સ્વયં મોતી બને છે.

આ નિયમ જગતના સર્વ પ્રાણી અને પદાર્થ માટે છે. કોઈ પણ પ્રાણી કે પદાર્થનું માહાત્મ્ય એટલે દેશ, કાલ અને પાત્રાનુસાર તેની વાસ્તવિકતાનું દર્શન. શ્રીમદ્‌ભાગવતનું પણ આવું જ છે.

શ્રીમદ્‌ભાગવત એટલે એક અપૂર્વ સાહિત્યનું સંગ્રહસ્થાન. જેમ કોઈ મોટા શહેરમાં દર્શનીય વસ્તુઓમાં એક સંગ્રહસ્થાન પણ હોય છે, તેમ જગતસાહિત્યમાં પ્રત્યેક ભાષામાં એકાદ આવો ગ્રન્થ હોય છે. શ્રીમદ્‌ભાગવત એટલે શ્રુતિસંમત લોકસાહિત્યનો રત્નાકર. તેમાંથી સૌ કોઈને પોતાની બુદ્ધિ પ્રમાણે ગ્રહણ કરવાનો અધિકાર એ સંગ્રહાધ્યક્ષ શ્રી. વ્યાસજીએ આપ્યો છે. બાળકોને ધ્રુવ, પ્રહ્‌લાદ તથા ભગવાન શ્રીકૃષ્ણનાં બાલચરિત્રો ગમે તેવાં છે. સ્ત્રીઓને દ્રૌપદી, સતી દાક્ષાયણી, દેવહૂતિ, કુન્તા, સુનીતિ તથા ગોપીનાં ચરિત્રો ગમે તેવાં છે. સાંખ્યવાદીને મહાત્મા કપિલદેવ અને

દેવહૂતિનો સંવાદ, વેદાન્તીઓને અષ્ટમ સ્કંધનો સ્તુતિવિભાગ, ચતુર્થ સ્કંધનું પુરંજનાખ્યાન, વેદસ્તુતિ, એકાદશ સ્કંધ વગેરે આહ્લાદજનક છે. ભક્તોને ભાગવતધર્મ, ભક્તચરિત્રો, ભગવાનનાં ચરિત્રો તથા ભક્તિયોગ ગમે છે. યોગીઓ માટે સબીજ તથા નિર્બીજ યોગ માર્ગદર્શક છે.

ભૌતિક વિષયોમાં પણ ભાગવતની વિચારસરણી અનુપમ છે. દ્વિતીય અને તૃતીય સ્કંધમાં આપેલો વિકાસવાદ, ચતુર્થ સ્કંધમાં આપેલું રાજકારણ અને પ્રજાપતિસંસ્થા, પંચમ સ્કંધની ભૂગોળ તથા ખગોળની સયુક્તિક પરિભાષા, સપ્તમ સ્કંધનો માનવધર્મ, અષ્ટમ સ્કંધની કાલગણના, નવમ અને દ્વાદશ સ્કંધમાં આપેલો સળંગ ઇતિહાસ વગેરે ભૌતિક જ્ઞાનનાં પરિપોષક છે. સાહિત્યની દૃષ્ટિએ જો ભાગવતનું પરિશીલન કરવામાં આવે તો ભાવ, ભાષા, અલંકાર, શબ્દશાસ્ત્ર અને છન્દોરચનામાં એ કોઈ પણ સંસ્કૃત સાહિત્યગ્રન્થથી ઊતરે એમ નથી. સમાજશાસ્ત્ર, અર્થવાદ અને અધ્યાત્મ-વાદ તો પ્રત્યેક સ્કંધમાં મહર્ષિ વ્યાસે ગૂંથ્યાં છે.

પણ શ્રીમદ્ભાગવતનું પરમ લક્ષ્ય તો **क्लेशाक्रान्तस्य तस्यैव शोधने किं पारायणम्**—અભ્યુદય-નિ:શ્રેયસસિદ્ધિપૂર્વક વિવેકપૂર્ણ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું એકત્વ કરાવી જીવનશોધન કરાવવાનું છે, અને તે દ્વારા જીવતાં જીવન્મુક્તિ અને પરમાનન્દની પ્રાપ્તિ કરાવવાનું છે. આ અશેષ સંક્લેશમય સંસારમાં જ પરમાનન્દની પ્રાપ્તિ જીવતાં જ મળે તેનું નામ જીવનશોધન, એનું જ નામ ભગવત્પ્રસાદ. **अतोऽनुमेयो भगवत्प्रसादो यो दुर्लभोऽकिंचनगोचरोऽन्यैः ।**

પણ આ પ્રસન્નતા સાહજિક નથી. એ પ્રાપ્ત કરવાનાં ચાર મહાસાધન છે: (૧) કર્મણ્યતા, (૨) કુશળતા, (૩) નિર્દોષતા અને (૪) સાવધાનતા.

(૧) કર્મણ્યતા— કર્મણ્યતાનાં બે અંગો છે: કર્તવ્ય અને

ભાવના. ભાવના (પ્રેમ) કરતાં પણ કર્તવ્યનું સ્થાન ઊંચું છે. એટલે સુધી કે કેટલીક વખત ભગવાન શ્રીરામની માફક કર્તવ્ય પણ ભાવનાનું બલિદાન માગે છે.

(૨) કુશલતા—**योगः कर्मसु कौशलम्।** દેશ, કાલ અને પાત્રને અનુરૂપ પોતાના વ્યક્તિત્વનો વિચાર રાખી કર્તવ્યનું પરિપાલન.

(૩) નિર્દોષતા—**जीवाः स्वभावतो दुष्टाः।** જેમ આકાશમાંથી વરસતું પાણી પૃથ્વીના અને વાતાવરણના સંસર્ગથી દૂષિત બને છે, તેમ આત્માનું પણ છે. આત્મા અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય, અશોષ્ય, અજન્મા, અવિકારી અને અવ્યય હોવા છતાં શરીરની ઉપાધિથી દોષિત બને છે, જેમ તપેલીના પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ તપેલી હાલતાં અને તેમાંનું પાણી ચંચળ બનતાં હાલી ઊઠે છે, વાસ્તવિક દૃષ્ટિએ ચંદ્રને અને જળને સંબંધ માત્ર આધાર–આધેય પૂરતો જ છે, તેમ શરીરરૂપી તપેલીમાં વિષયોરૂપ પાણીના વિકારને લીધે આત્મા દૂષિત બનતો દેખાય છે. વિવેકબુદ્ધિથી એ બન્નેને છૂટા ગણવા અને શારીરિક દોષનો આત્મા સાથે સ્પર્શ ન થવા દેવો એનું જ નામ નિર્દોષતા.

અથવા બીજા શબ્દોમાં કહીએ તો જગત એટલે જ સત્યાસત્યનું મિશ્રણ. આત્મા વિનાનો દેહ નકામો. દેહ વગરનો આત્મા નિષ્ક્રિય. દેહ અસત્ય, આત્મા સત્ય; પણ એકલું સત્ય કે અસત્ય નકામું બને છે. આથી શ્રી ભગવાને ઉદ્ધવજીને વિવેકવિદ્ બનવા મિતાક્ષરીમાં કહ્યું,

एषा बुद्धिमतां बुद्धिर्मनीषा च मनीषिणाम्।
यत्सत्यमनृतेनेह मर्त्येनाप्नोति मामृतम् ॥

અર્થાત્ અસત્ય (દેહ)થી સત્ય (આત્મા–પરમાત્મા)ને પ્રાપ્ત કરવામાં, વિનાશી (શરીર)થી અવિનાશી (પરમાત્મા)ને પ્રાપ્ત કરવામાં જ માનવબુદ્ધિની પરાકાષ્ઠા છે. આ જ નિર્દોષતાનું શુદ્ધ સ્વરૂપ.

(૪) સાવધાનતા—ઉપરની ત્રણે વસ્તુઓ પ્રાપ્ત કરવામાં કેટલાંક બાધક તત્ત્વો નડે છે, એટલે એને અંગે માણસે સાવધ રહેવું જોઈએ. આમ તો પ્રત્યેક માણસ કે પશુ–પક્ષી ભયસંચાર થતાં સાવધ તો રહે જ છે. આ એનો પ્રાકૃતિક ગુણ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પણ એની દિશા ફેરવવાની જરૂર છે.

માણસ જ્યારથી જન્મે છે ત્યારથી રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ આ ત્રણ ભયજનક વસ્તુઓ એની સામે હંમેશાં આવે છે. ગમે તેટલી સાવધાનતા રાખવા છતાં જગતના મહાનમાં મહાન પુરુષને —અવતારી પુરુષને પણ—આ ત્રણ વસ્તુ છોડતી નથી. દરેક માણસ એમ જ ઇચ્છે છે કે મને કદી રોગ ન થાય, હું વૃદ્ધ ન થાઉં, મને મરણ ન આવે; છતાંય આ ત્રણનાં આક્રમણ અવશ્યંભાવી છે.

આનો અર્થ એ થયો કે માનવ જે માટે સાવધ રહે છે તેની તે સાવધાનતા એક દિવસ તો નિરર્થક બને જ છે. એટલે આ સાવધાનતા ખોટી છે, એમ કહી શકાય. સાચી સાવધાનતા તો તે છે કે જેમ ક્લોરોફોર્મ આપેલા દર્દીને શરીર ઉપર શસ્ત્રક્રિયા થવા છતાં તેની અસર થતી નથી, તેમ જ્ઞાન, ભક્તિ કે નિષ્કામ કર્મયોગનું ક્લોરોફોર્મ લેનારને જગતની આધિદૈવિક, આધિભૌતિક અથવા આધ્યાત્મિક ઉપાધિ નડતી નથી. આ સંબંધમાં શ્રીમદ્‌-ભાગવતે **न त्रासो मरणात् कार्यः । मृत्यवो नोपधक्ष्यन्ति मृत्यूनां मृत्युमीश्वरम्** વગેરે અનેક મૃત્યુંજય ઉદાહરણો આપ્યાં છે. એટલે સાચી સાવધાનતા મરણ બાદ પુનર્જન્મ ન થાય એ માટે રાખવામાં છે અને જીવતાં મૃત્યુંજય બનવામાં છે, અવશ્ય થનારાં અને દેહ સાથે સંબંધ રાખનારાં ત્રિવિધ કષ્ટોથી બચવામાં નહિ.

(૩) પ્રસન્નતા—**प्रसादस्तु प्रसन्नता । प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।** સાંસારિક દુઃખોના અતિરેકમાં પણ આત્માની પ્રસન્નતા. આ પ્રસન્નતા પ્રાપ્ત કરવાના અનેક ઉપાયો ભાગવતે

ઠેર ઠેર બતાવ્યા છે. ભગવતી ગીતાએ બીજા અધ્યાયમાં સ્થિત-પ્રજ્ઞનાં લક્ષણરૂપે, બારમા અધ્યાયમાં ભક્તનાં લક્ષણરૂપે અને ચૌદમા અધ્યાયમાં ગુણાતીત પુરુષનાં લક્ષણ તરીકે એનું વર્ણન કર્યું છે. શ્રી રામચરિતમાનસમાં પણ—

जाति पाँति धन धर्म बड़ाई। प्रिय परिवार सदन समुदाई॥
सब तजि तुमहि रहै लव लाई। ताके हृदय बसहु रघुराई॥
काम क्रोध मद मान न मोहा। लोभ न छोभ न राग न द्रोहा॥
जिनके कपट दंभ नहि माया। तिनके हृदय बसहु रघुराया॥

આવાં હૃદયોમાં જ સચ્ચિદાનંદનો વાસ હોવાથી તેઓની પ્રસન્નતા અબાધિત રહે છે. નિષ્કામ કર્મ, ભક્તિ અને જ્ઞાનના ત્રિવેણીસંગમમાં સદાય પરિપ્લુત રહેવાથી **गङ्गाम्भस्थ इव द्विपः** ની માફક સદાય આત્માનન્દમાં મસ્ત રહે તેનું જ નામ સાચી પ્રસન્નતા —જીવન્મુક્તિ. અને એ જ રીતે જીવ, જગત અને જગદીશ્વરની એકતા કરાવનારાં **यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्** ભગવદર્થ અને ભગવત્પ્રીત્યર્થ નિષ્કામ કર્મ કરતાં કરતાં મરણ બાદ મુક્તિ. આનું જ નામ જીવનશોધન.

શ્રીમદ્‌ભાગવતનું પરમ લક્ષ્ય છે પ્રપંચનિવૃત્તિ અને ભગવત્પ્રાપ્તિ. એ લક્ષ્યને સંપાદન કરવા માટે કર્મસાધનાની જરૂર પડે છે. જગતના સર્વ માનવો ઉપર જણાવેલું આત્મશોધન કરી શકતાં નથી. તેથી તેમને પ્રવૃત્તિમાર્ગ તરફથી નિવૃત્તિમાર્ગમાં વાળવા માટે શ્રીમદ્‌ભાગવતે સ્થળે સ્થળે ફલશ્રુતિ આપી છે. આને પરોક્ષવાદ કહ્યો છે.* પરોક્ષવાદ

---

* परोक्षवादो वेदोऽयं बालानामनुशासनम् ॥

× ×

यत्परोक्षप्रियो देवो भगवान् भूतभावनः ॥
एतदध्यात्मपारोक्ष्यं गीतं देवर्षिणानघ ।
यः श्रावयेद्यः शृणुयात्स लिंगेन विमुच्यते ॥

એટલે કોઈ પણ પ્રકારની ફલપ્રાપ્તિ માટે શાસ્ત્રોએ બતાવેલી સત્ક્રિયા.

જેમ કોઈ માતા પોતાના અણસમજુ બાળકને દવા આપવા ઇચ્છતી હોય ત્યારે એક હાથમાં દવાની પ્યાલી રાખે છે અને બીજા હાથમાં સાકરનો ટુકડો રાખે છે, સાકરના ટુકડાની લાલચે બાળક દવા પીએ છે, તેમાં માતાનો હેતુ બાળકને સાકર ખવડાવવાનો નથી, પણ દવા પાઈ સારો કરવાનો છે, સાકર એ માત્ર પ્રલોભન છે, તેવી રીતે શ્રીમદ્ભાગવતે પણ જે સત્ક્રિયાઓની ફલશ્રુતિ આપી છે તે માનવને નિવૃત્તિમાર્ગ તરફ વાળવા માટે તથા સત્કર્મમાં વ્યાપૃત કરવા માટે છે.+ આથી ઐહિક અને પારમાર્થિક એવાં બન્ને ફળ સાધકને અનાયાસે મળે છે.

આમ તો શ્રીમદ્ભાગવતે સ્થળે સ્થળે ધ્યેય પરત્વે ઉપાસના અને તેની ફલશ્રુતિ બતાવી છે, જે અમે આ ગ્રન્થના પૃ. ૨૧૭ થી ૨૨૦ સુધી સંક્ષેપમાં બતાવી છે. ઉદાહરણરૂપે એમાંની નં. ૩ ની કંડિકા અમે અર્થ સાથે પ્રિય વાચકની જાણ માટે આપીએ છીએ.

ब्रह्मवर्चसकामस्तु यजेत ब्रह्मणस्पतिम् ।
इन्द्रमिन्द्रियकामस्तु प्रजाकामः प्रजापतीन् ॥
देवीं मायां तु श्रीकामस्तेजस्कामो विभावसुम् ।
वसुकामो वसून् रुद्रान् वीर्यकामोऽथ वीर्यवान् ॥
अन्नाद्यकामस्त्वदितिं स्वर्गकामोऽदितेः सुतान् ।
विश्वान् देवान् राज्यकामः साध्यान् संसाधको विशाम् ॥
आयुष्कामोऽश्विनौ देवौ पुष्टिकाम इलां यजेत् ।
प्रतिष्ठाकामः पुरुषो रोदसी लोकमातरौ ॥
रूपाभिकामो गन्धर्वान् स्त्रीकामोऽप्सर उर्वशीम् ।
आधिपत्यकामः सर्वेषां यजेत परमेष्ठिनम् ॥

+ नास्मिन् भवे भ्रमति मुक्तसमस्तबन्धः ॥

यक्षं यजेद्यशस्कामः कोशकामः प्रचेतसम् ।
विद्याकामस्तु गिरिशं दाम्पत्यार्थं उमां सतीम् ॥
धर्मार्थं उत्तमश्लोकं तन्तुं तन्वन् पितॄन् यजेत् ।
रक्षाकामः पुण्यजनानोजस्कामो मरुद्गणान् ॥
राज्यकामो मनून् देवान् निर्ऋतिं त्वभिचरन् यजेत् ।
कामकामो यजेत् सोममकामः पुरुषं परम् ॥

પણ,

अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः ।
तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् ॥
एतावानेव यजतामिह निःश्रेयसोदयः ।
भगवत्यचलो भावो यद्भागवतसङ्गतः ॥

भा. २-३-२-११

"અર્થાત્ બ્રહ્મતેજની ઇચ્છાવાળાએ બ્રહ્માજીની, ઇન્દ્રિયસુખની ઇચ્છાવાળાએ પ્રજાપતિની, લક્ષ્મીની ઇચ્છાવાળાએ માયાદેવીની, તેજની ઇચ્છાવાળાએ અગ્નિની, દ્રવ્યની ઇચ્છાવાળાએ વસુની, વીર્ય–બલની ઇચ્છાવાળાએ રુદ્રની, અન્નભોગની ઇચ્છાવાળાએ અદિતિની, સ્વર્ગની અપેક્ષાવાળાએ આદિત્યની, રાજ્યની કામનાવાળાએ વિશ્વેદેવોની, પ્રજા ઉપર સત્તા મેળવવાની ઇચ્છાવાળાએ સાધ્યગણોની ઉપાસના કરવી. દીર્ઘાયુ ઇચ્છનારે અશ્વિનીકુમારોનું, પુષ્ટિની ઇચ્છાવાળાએ પૃથ્વીનું, પ્રતિષ્ઠાની ઇચ્છાવાળાએ આકાશ અને પૃથ્વીનું, રૂપાભિલાષીએ ગંધર્વનું, સ્ત્રીકામનાવાળાએ ઉર્વશીનું, આધિપત્યની ઇચ્છાવાળાએ બ્રહ્માનું પૂજન કરવું. યશની ઇચ્છાવાળાએ યક્ષ કરવા. કોશ (ખજાનો)ની ઇચ્છાવાળાએ વરુણનું, વિદ્યાની ઇચ્છાવાળાએ શંકરનું, દામ્પત્યપ્રેમની ઇચ્છાવાળાએ પાર્વતીનું, ધર્મની ઇચ્છાવાળાએ પુણ્યશ્લોક ભગવાનનું, વંશવૃદ્ધિ ઇચ્છનારે પિતૃઓનું, રક્ષા મેળવવાની ઇચ્છાવાળાએ પુણ્યજન યક્ષોનું અને ઇન્દ્રિયબળ મેળવવાની

ઇચ્છાવાળાએ મરુતનું પૂજન કરવું. રાજ્યની ઇચ્છાવાળાએ ગનુની, શત્રુને મારવા ઇચ્છનારે મૃત્યુદેવની, કામની ઇચ્છા રાખનારે ચંદ્રની અને નિષ્કામ બનવાની ઇચ્છા રાખનારે પરમાત્માની આરાધના કરવી.

પણ નિષ્કામ, સર્વકામ કે મોક્ષકામ ઉદાર બુદ્ધિવાળા ભક્તોએ તીવ્ર ભક્તિયોગથી પરમપુરુષ પરમાત્માનું યજન કરવું.

આમ શ્રીમદ્‌ભાગવતને, શાસ્ત્રસમ્મત સકામ ઉપાસના દ્વારા નિષ્કામ ઉપાસનામાં પ્રવેશ કરાવી ભગવત્પ્રાપ્તિ અને મુક્તિ માન્ય છે, એ ઉપરના શ્લોકોથી પ્રિય વાચકને સમજાશે. અસ્તુ.

શ્રીમદ્‌ભાગવત નિગમકલ્પતરુનું સમગ્ર રસમય પરિપક્વ ફળ છે. **वेदोपनिषदां साराज्जाता भागवती कथा**—વેદ અને ઉપનિષદનું સારદોહન છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ એને પ્રમાણગ્રન્થ માન્યો છે. મહર્ષિ વેદવ્યાસે તો એને પરમહંસસંહિતાનું બિરુદ આપ્યું છે. સંહિતા એટલે જ મંત્રસમુચ્ચય. જેમ ગીતાજી તથા સપ્તશતીના શ્લોકો મંત્ર કહેવાય છે અને તેથી જ ફલદાયક છે, તેમ ભાગવત પણ પરમહંસસંહિતા હોવાથી એનો પ્રત્યેક શ્લોક એ શ્લોક નથી પણ મંત્ર છે, અને તેથી શ્રીમદ્‌ભાગવતના આવા મંત્રોનાં અનુષ્ઠાન શાસ્ત્રીય અને ફલદાતા છે, શ્રદ્ધેય છે, જ્યારે સપ્તશતી અને ગીતાનાં અનુષ્ઠાન ઈપ્સિતફલદાતા છે. શ્રી તુલસીદાસજીનો રામચરિત્રમાનસ ગ્રંથ, ભાષાગ્રન્થ હોવા છતાં તેનાં અનુષ્ઠાન થાય છે અને ફળે છે, તો શ્રીમદ્‌ભાગવતનું સકામ અનુષ્ઠાન કેમ ફલદાતા ન બને ?

હવે સમજ અને શ્રદ્ધાપૂર્વક કરેલું અનુષ્ઠાન જ સિદ્ધિપ્રદ બને છે, અન્યથા એ તામસક્રિયા બની જાય. **विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् । श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते** ॥ તેથી ફલપ્રાપ્તિ થાય નહિ અને સમય અને પરિશ્રમ વ્યર્થ જાય. માટે ભાગવતના આ સકામકર્મ વિભાગના મંત્રપ્રયોગોની પ્રક્રિયા તથા અંગ અને ઉપાંગોનું જ્ઞાન આવશ્યક છે, જે મેં 'ઉપાસનાયોગનાં અંગો' નામના હવે પછી તરત શરૂ થતા સ્વતંત્ર પ્રકરણમાં દર્શાવ્યું છે.

મારાં સપ્તાહપારાયણો દરમિયાન આવા કામ્યકર્મના અનુષ્ઠાનનો પ્રથમ પરિચય મને વૃન્દાવનનિવાસી પ. પૂ. ગોસ્વામીજી શ્રી અનંતલાલજી મહારાજ દ્વારા થયો. એઓશ્રીએ સંકલ્પસિદ્ધિ માટે ભાગવતના અષ્ટમ સ્કંધના ૨૪ મા અધ્યાયના ૬૦ મા શ્લોકને મંત્ર તરીકે માની તે અધ્યાયના પ્રતિશ્લોકનું ૨૪ દિવસ સુધી સંપુટીકરણપૂર્વક પારાયણ કરવા જણાવ્યું. એઓશ્રીએ એની એક પુસ્તિકા પણ છપાવી હતી. તે દ્વારા મને લાભ થયો. એ સાથે ભાગવતના અનેક વિષયો સાથે જીવનમાં આ વિષય પણ લોકોપકારક છે એમ લાગવા લાગ્યું. ત્યારથી પૂર્ણ વિચારપૂર્વક મેં પણ જે જે ભાઈબહેનોને જે પ્રકારનું કષ્ટ હોય તેનું નિવારણ કરવા ભાગવતના મંત્રપ્રયોગાદિનું સૂચન કરવા માંડ્યું. ભગવાનની અપાર કરુણાથી મોટે ભાગે એમાં સફળતા મળવા માંડી. ક્વચિત્ નિરાશા સાંપડતી ત્યારે એનું મૂળ કારણ તપાસતાં માલૂમ પડતું કે દેશ, કાલ, પાત્ર, વિધિ, વિધાન વગેરેની યોગ્યતા જળવાઈ નથી, પછી શાસ્ત્રનો શો દોષ?

આમ મોટે ભાગે સફળતાનાં ચિહ્નો વર્ષો સુધી પાકો અનુભવ કર્યા બાદ આ ભાગવતના પ્રયોગો જનહિતાર્થે પ્રકટ કરવામાં આવે તો આજના કપરા કલિકાલમાં અનેક દીન, દુર્બળ, દુઃખી અને નિઃસાધન શ્રદ્ધાળુ ભાઈબહેનોનું મનોરથસિદ્ધિ સાથે કલ્યાણ થાય. જો તેમ ન બને તો નિદાન દિવસના થોડા સમય માટે સંસારના ઝંઝાવાતમાંથી નિવૃત્તિ મેળવી ઈશ્વરસ્મરણ કરતાં કાં તો ક્લેશશમન થાય અથવા પ્રારબ્ધકર્માનુસાર પ્રાપ્ત થયેલાં દુઃખોને સહન કરવાની તેમને શક્તિ મળે—**अशेषसंक्लेशशमं विधत्ते गुणानुवादश्रवणं मुरारेः** । આ શુભ ભાવના આ ગ્રંથપ્રકાશનનું મૂળ છે. અસ્તુ.

હવે આ ગ્રન્થની રચના વિષે :—

આ ગ્રન્થમાં ૫ તંત્ર આપવામાં આવ્યાં છે: (૧) નારાયણ-

તંત્ર, (૨) વિષ્ણુતંત્ર, (૩) અવતારતંત્ર, (૪) શિવતંત્ર, (૫) દેવી-તંત્ર. અવતારતંત્રમાં ૪ અવતારતંત્ર છે : (૧) નૃસિંહતંત્ર, (૨) વામનતંત્ર, (૩) રામતંત્ર, (૪) શ્રીકૃષ્ણતંત્ર.

દરેક તંત્રમાં સકામ અને નિષ્કામ પ્રયોગો આપ્યા બાદ તે તે દેવના પ્રધાન મંત્રનું યંત્ર આપવામાં આવ્યું છે. એ યંત્ર ઉપર જે અંકો છે તે ત્યાં ત્યાં સ્થાપન કરવાના દેવોના છે. તે પછી તરત જ યંત્રદેવતાનું પૂજન, ન્યાસ, ધ્યાન, સ્તુતિ, હોમ, વિધાન વગેરે આપવામાં આવ્યાં છે. અભિષેકાદિ માટે અથર્વશીર્ષો અને સ્તુતિ માટે સ્તોત્રો પણ તેમાં જ આપવામાં આવ્યાં છે.

આ પ્રમાણે ૮ તંત્રો પૂરાં થયા બાદ જીવનના ઉત્થાન માટે ૬ પ્રકીર્ણ પ્રયોગો આપવામાં આવ્યા છે, જેથી મનોમલનો નાશ થાય. એ પછી શ્રીમદ્‌ભાગવતે આપેલી સકામ-નિષ્કામ ફલશ્રુતિ-ઓનો સ્થળનિર્દેશ કર્યો છે, જેથી કોઈ પણ સાધક પોતાની ઇચ્છાનુરૂપ અનુષ્ઠાન કરી મનોરથ પ્રાપ્ત કરી શકે. તે સાથે જીવનના ઉત્થાનને અતિ ઉપયોગી બાબતોમાં જેમાં બતાવવામાં આવેલ છે એવી ભાગવતના શ્લોકોની રત્નકણિકાઓનો સ્થળનિર્દેશ છે. પ્રભુની ઇચ્છા હશે તો આનો પણ એક સ્વતંત્ર ગ્રન્થ 'શ્રીમદ્‌-ભાગવતનું સારદર્શન' રચાશે. હાલ તુરત તો જિજ્ઞાસુ ભાઈ-બહેનો તે તે સાર ગ્રહણ કરી જીવનનો ઉત્કર્ષ સાધે એ માટે મારો આ નિર્દેશાત્મક નમ્ર પ્રયત્ન છે.

ત્યાર પછી જે ભાઈબહેનો સ્વયં મંત્રાનુષ્ઠાન કરવા માગતાં હોય તેમના માર્ગદર્શન માટે સંક્ષેપમાં મંત્રાનુષ્ઠાન પ્રયોગ આપવામાં આવ્યો છે. એમાં પૌરાણિક મંત્રો આપ્યા છે. જેટલી બની શકી તેટલી સરલતાથી વિધિ સમજાવવા પ્રયત્ન કર્યો છે, જેથી સાધક ભાઈબહેનો પ્રયોગો સહેલાઈથી જાતે કરી શકે.

જેવી રીતે રુદ્રયાગ, વિષ્ણુયાગ, શતચંડી, સહસ્રચંડી વગેરે

યાગ થાય છે, તેવી જ રીતે ભાગવતયાગ થાય એ હેતુથી, **भागवतयागपद्धति** સંસ્કૃતમાં આપવામાં આવી છે, જેથી મારા વિદ્વાન પંડિતમિત્રો તે મુજબ કરાવે. સામાન્ય રીતે વિષ્ણુયાગમાં વૈદિક વિધિમાં પુરુષસૂક્ત અને પૌરાણિક વિધિમાં વિષ્ણુસહસ્રનામના પાઠ અને તે નામો દ્વારા આહુતિ અપાય છે. શ્રીમદાચાર્યચરણે શ્રીમદ્‌ભાગવતમાંથી ભગવાનની લીલા ગૂંથી પુરુષોત્તમ સહસ્રનામાવલિ રચી અને તેનો પાઠ કરવાથી શ્રીમદ્‌ભાગવતના પાઠ જેટલું જ ફળ બતાવ્યું. વૈષ્ણવ સમાજમાં એ પુરુષોત્તમ સહસ્રનામાવલિ પાઠ ખૂબ પ્રચલિત છે, એ એમનું કૃપાફળ છે.

એમના જ અનુગ્રહથી કોઈ ધન્ય ક્ષણે મને પણ આવો એક નવ્ય પ્રયાસ કરવાનું મન થયું. શ્રીમદ્‌ભાગવત ઉપર ગ્રંથ લખવાની ઇચ્છાથી ૧૯૩૯ના નવેંબર માસમાં સુરતવાળા પૂ. આચાર્યચરણ શ્રી વ્રજરત્નલાલજી મહારાજ પાસે બ્રહ્મસંબંધ લીધો. તેનું સુભગ ફળ એ આવ્યું કે વૈષ્ણવ ભગવદીયોના હાથમાં હું 'શ્રીમદ્‌ભાગવત તત્ત્વચિન્તામણિ,' શ્રીમદ્‌ભાગવતી ગીતા ', 'ભાગવત રત્નમંજૂષા ', ' પંચગીત રાસતત્ત્વ ' જેવા તાત્ત્વિક ગ્રંથો મૂકી શક્યો. એ ભગવાન અને તેના વહાલા ભગવદીયો તથા શ્રીમદાચાર્યચરણ તથા તેમના વંશજોનું કૃપાફળ છે. વિશેષતઃ પૂ. ગુરુદેવ આચાર્યચરણ શ્રી વ્રજરત્નલાલજી મહારાજની કૃપાદૃષ્ટિથી પ્રાપ્ત થયેલ બ્રહ્મસંબંધદીક્ષાનું સુભગ ફળ છે. મારું કંઈ નથી. અસ્તુ.

શ્રીમદ્‌ભાગવતમાં ભગવાનનાં અનંત સુભદ્ર નામો છે. જો તેને એકઠાં કરી તેની નામાવલિ બનાવાય તો એક સુંદર સ્તોત્ર તૈયાર થાય એ વિચારે પ્રથમ ભગવાનનાં આશરે ૬ થી ૭ હજાર નામનો સંગ્રહ કર્યો. તેમાંથી વેદાન્ત, સાંખ્ય, ન્યાય, પૂર્વમીમાંસા, અવતારો અને વિશેષતઃ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનાં નામોનું વર્ગીકરણ કરી શ્લોકોમાં ૧૦૦૮ નામો ગૂંથ્યાં. કુલ

૧૨૨. શ્લોકો થયા. અને વર્ગીકૃત નામાવલી તૈયાર થઈ. એને નામચન્દ્રિકા એવું નામ આપવામાં આવ્યું. એમાં ન્યાસ, ધ્યાન વગેરે શ્રીમદ્‌ભાગવતનાં કાયમ રાખ્યાં છે. અંતિમ શ્લોકોમાં પ્રથમ ચાર સ્વરચિત છે, બીજા ચાર શ્રીમદ્‌ભાગવતના જ છે. શ્લોક ૮ મામાં અનુરૂપ ફેરફાર કર્યો છે, તે સુજ્ઞ વાચક જોઈ શકશે. શ્રીમદ્‌ભાગવત યાગમાં આ પાઠ અને એ દ્વારા આહુતિ અપાય એ માટે તે આખો પાઠ અને તે સાથે તરત જ એ નામોને ચતુર્થ્યંત બનાવી નમસ્કારવાચક મુકયાં છે, જેથી આહુતિમાં કામ આવે તથા સહસ્રતુલસી સમર્પણ કરી શકાય. બોલવામાં સુવિધા આવે અને અંતઃકરણમાં ઉલ્લાસ જાગ્રત થાય એ માટે અકારાદિક્રમ બનાવ્યો છે, તેની સામે તે નામ મુળ શ્લોકમાં કેટલામું છે તે જણાવતો અંક આપવામાં આવ્યો છે, જેથી તે નામ જલદીથી મૂળ શ્લોકમાં શોધી શકાય.

હવે આ નવ્ય રચનામાં એક ક્ષમાપ્રાર્થના. એકસો બાવીસ શ્લોકમાં અર્ધા અનુષ્ટુપ અને અર્ધા ઉપજાતિ, વંશસ્થ, ઇન્દ્રવજ્રા કે ઉપેન્દ્રવજ્રામાં ગૂંથાયા છે. એમાં મિશ્રણ પણ હશે. અમારે નામોની મર્યાદામાં રહીને કામ કરવાનું હોવાથી છંદોરચનામાં લક્ષ અપાયું નથી. છંદોરચનાનું બંધન સ્વીકારતાં નામોનો આનંદ તૂટી જતો હતો, તેથી ભાવને મુખ્ય ગણી છન્દોરચનાને ગૌણ ગણી છે. એટલી અમારી ઊણપ અમે હૃદયથી સ્વીકારીએ છીએ અને તે બદલ પ્રિય વાચકવર્ગની ક્ષમા પ્રચ્છીએ છીએ. શ્લોકો ગાવામાં વાંધો નહિ આવે એટલો વિશ્વાસ છે.

છેલ્લે શ્રીમદ્‌ભાગવત સપ્તાહવિધિનો ક્રમ તથા અષ્ટોત્તર-શત ભાગવત બેસાડવાનું ફળ આપી ગ્રંથની સમાપ્તિ કરી છે.

હવે આ ગ્રંથના પ્રકાશન વિષે.

સૌપ્રથમ મને આવો શ્રીમદ્‌ભાગવતના મંત્રપ્રયોગો જેવો જનોપકારક ગ્રન્થ લખવાની આજ્ઞા, પ્રેરણા અને આશીર્વાદ આપનાર પૂજ્ય મહાનુભાવો, જેવા કે પરમહંસ પરિવ્રાજકાચાર્ય પૂ. સ્વામીશ્રી અખંડાનંદજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી અનંતલાલજી મહારાજ (વૃન્દાવન), પ. પૂ. આચાર્યપ્રવર શ્રી દીક્ષિતજી મહારાજ (મુંબઈ), પ. પૂ. મહામંડલેશ્વર શ્રી ભાગવતાનંદજી મહારાજ, (અમદાવાદ), પ. પૂ. મ. મં. શ્રી. ગંગેશ્વરાનન્દજી મહારાજ, પૂ. શ્રી. નરહરિલાલ મહારાજ અકોલકર (વડોદરા), ગુજરાતના પ્રખર ભાગવતવક્તા પં. શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રીજી, નડિયાદ વગેરેનો વંદનપૂર્વક આભાર માનું છું.

તદુપરાંત મારા વિદ્વાન મિત્ર અને અમદાવાદના પ્રથમ પંક્તિના પંડિતોમાં જેમની ગણના થાય છે એવા યાજ્ઞિક-શિરોમણિ શાસ્ત્રીજી શ્રી દામોદરપ્રસાદનો તો હું ખૂબ જ ઋણી છું. એમણે મારા આ ગ્રન્થલેખનના વિચારને વધાવી લીધો અને તેને અંગે અનેકવાર અમૂલ્ય સલાહસૂચનો આપ્યાં, ગ્રન્થ-સૂચનો કર્યાં, એટલું જ નહિ પણ શ્રીમદ્‌ભાગવત યાગપદ્ધતિ લખી આપી. એમનો મેં ઘણો અમૂલ્ય સમય લીધો, ખૂબ પરિશ્રમ આપ્યો, તે પણ મનમાં આણ્યું નથી. એ માટે હું એમનો ઋણી અને આભારી છું.

એ સાથે અવારનવાર મને સલાહસૂચન આપનાર મારા મિત્ર શ્રી મંગળજી શાસ્ત્રીનો પણ હું આ સ્થળે આભાર માનવાની તક લઉં છું. વૈદ્યશાસ્ત્રી શ્રી શંકરલાલ છગનલાલ, જેમણે મને પોતાની જૂની હસ્તલિખિત પ્રતમાંથી સપ્તાહપદ્ધતિ તથા અષ્ટોત્તરશત ભાગવતપારાયણપદ્ધતિ પ્રકાશન માટે આપી તેમનો, તથા કેટલાક પ્રયોગોનાં સૂચન કરવા બદલ શ્રી ગિરિજાશંકરભાઈ તથા નવસારીવાળા વૈદ્ય શ્રી ઉમાશંકરનો હું ઋણી છું.

વધારે ઉપકાર તો મારે તેમનો માનવો રહ્યો કે જેમને મેં પ્રયોગો બતાવ્યા અને પ્રભુએ તેમને સફળતા અને શાન્તિ આપી. આવાં ભાઈબહેનોને જો સફળતા ન મળી હોત તો મને આ ગ્રન્થમાં પ્રોત્સાહન ન મળત. પ્રભુ એ સર્વ ભાઈબહેનોનું સદાય શ્રેય કરે.

હવે **मधुरेण समापयेत्** ન્યાયે જેમનાં ઔદાર્ય, સ્નેહ, મૈત્રી અને ભક્તિભાવે આ ગ્રંથને પ્રકટિત કરવામાં સહાય કરી તે મારા પરમ મિત્ર—જ્યેષ્ઠ બંધુ કહું તો પણ ચાલે— પ. ભ. મુ. શ્રી. ખટાઉ વલ્લભદાસનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. તેમને આ ગ્રન્થ આપાતદૃષ્ટિથી ખૂબ ઉપકારક લાગ્યો. તેમના સુપુત્ર શ્રી ધરમસીભાઈએ પોતાનાં પૂજ્ય માતુશ્રી ગો. વા. શ્રી પ્રેમકુંવરબાઈના સ્મરણાર્થે આ ગ્રન્થપ્રકાશનમાં વેગ આપ્યો. પ્રભુ સદ્‌ગતને શ્રીચરણમાં સદાય વાસ આપો અને મુ. શ્રી ખટાઉ ભાઈ, શ્રી ધરમસીભાઈ, સૌ. હેમકલા બહેન તથા તેમનાં સર્વ કુટુંબીજનોને શ્રી ગોકુલેશપ્રભુ સર્વદા સર્વ રીતે સુખી કરો. એમની ભગવાન અને ભગવદીય તરફની ભક્તિ સદાય વૃદ્ધિ પામો.

અંતમાં આ ગ્રન્થનો આશ્રય કરી ભગવદનુષ્ઠાન કરનારાં સર્વ ભાઈબહેનોના મનોરથો ભગવાન વ્રજેન્દ્રનન્દન પૂર્ણ કરો એ શ્રીચરણમાં પ્રાર્થના.

विश्वानि देव सवितुर्दुरितानि परासुव ।
यद्भद्रं तन्न आसुव ।

'અનુગ્રહ'
૫૫, પંકજ સોસાયટી,
સરખેજ રોડ,
અમદાવાદ–૭.

ભગવાન અને ભગવદીયનો
ચરણસેવક,
રમણલાલ કૃષ્ણરામ શાસ્ત્રી
ભાગવતભૂષણ, સાહિત્યતીર્થ

અનુક્રમણિકા


॥ ॐ नमः श्रीकृष्णाय ॥

ઉપાસનાયોગનાં અંગો

न ह्यन्तोऽनन्तपारस्य कर्मकाण्डस्य चोद्धव।
संक्षिप्तं वर्णयिष्यामि यथावदनुपूर्वशः॥

भा. ११-२७-६

હે ઉદ્ધવ! ઉપાસનાની ક્રિયાઓનો પાર નથી, તથાપિ હું તેનું ક્રમશઃ વર્ણન કરીશ.



આ ગ્રન્થમાં આપેલો કોઈ પણ પ્રયોગ કરતાં પહેલાં આ પ્રકરણ ધ્યાનપૂર્વક વાંચી જવા મારી આગ્રહભરી વિનંતી છે.

—લેખક

ઉપાસનાયોગનું પહેલું અંગ : શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિ

આજનું વિજ્ઞાન પ્રત્યક્ષ અને પ્રત્યક્ષાવલંબી શાસ્ત્રમાં જ શ્રદ્ધા રાખે છે, જ્યારે ઉપાસનામાર્ગ પરોક્ષતત્ત્વમાં શ્રદ્ધા મૂકવાનો છે. ટ્રેન, સ્ટીમર કે એરોપ્લેનમાં મુસાફરી કરતી વખતે આપણે તેના ચાલક સંબંધી વિચાર કરતા નથી. તેને જોતા પણ નથી, તેની ઓળખાણ પણ માગતા નથી. ડૉક્ટર ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકી એક દરદી પોતાના મહામૂલ્યવાન શરીર ઉપર વાઢકાપ થવા દે છે, અને તે સફળતા મેળવે છે. જ્યારે જીવનમાં આ ભૌતિક શ્રદ્ધા ફળ આપે છે, તો જે વિશ્વનિયન્તાએ જગતનાં સર્જન, પાલન અને રક્ષણ વગેરેની જવાબદારી લીધી, જે ઈશ્વર પરોક્ષરૂપે દૂધમાં રહેલા ઘીની માફક સમગ્ર જગતના અણુ અણુમાં કાલ, ક્રિયા અને જ્ઞાન-શક્તિથી સર્વને અનુભવગમ્ય છે, તેની કૃપા અને દયા માટે તેના-માં જ વિશ્વાસ ન મૂકીએ, તેની પ્રાર્થના ન કરીએ, તેની દયા ન યાચીએ, તો આપણા જેવા કૃતઘ્ન કોણ? એથી જેટલી આપણી શ્રદ્ધા અને દૈન્ય વધારે તેટલી આ ઉપાસનાયોગમાં સફળતા વધારે.

કોઈક વેળા પ્રભુ આપણી શ્રદ્ધાની કસોટી પણ કરે. પરીક્ષા હંમેશાં સત્યનિષ્ઠની થાય છે. સુવર્ણની અને હીરાની થાય છે, લોખંડ કે કોલસાની નહિ. જ્યારે આ ક્રિયાયોગમાં પણ વિપત્તિ-ઓ આવે ત્યારે દ્વિગુણ શ્રદ્ધાથી તેનું સ્મરણ કરી ઉપાસના કરવાથી પ્રહ્લાદની માફક જડ સ્તંભમાંથી પણ પ્રભુનું પ્રાકટ્ય કરી શકાશે. **सृष्टेरतीतो बुद्धेश्च परः स भक्तिलभ्यः** (अंगिरा. भ. सू. २. पा. ५) આ શ્રદ્ધા જ ભક્તિની જનની છે. આ શ્રદ્ધા જ અહેતુક પ્રેમ થાય તો રાગાત્મિકા ભક્તિ બને. **रसानुभविकानन्दशान्तिदा रागात्मिका** (अं. दै. मी. सू १२) અને વિધિપ્રધાન સહેતુક પ્રેમ થાય તો વૈધી બને. **विधिसाध्यमाना वैधी सोपानरूपा** (अं. दै. मी. सू. ११). આનું સવિસ્તર વર્ણન કરવા જતાં ખૂબ વિસ્તાર થાય

તેથી અમે માત્ર મુદ્દાઓ જ આપી મનનું સમાધાન કર્યું છે. એથી સાધકોને માર્ગદર્શન મળશે. વિસ્તાર ન કરી શકવા બદલ અમે પ્રિય વાચકવર્ગની ક્ષમા ઇચ્છીએ છીએ.

રાગાત્મિકા ભક્તિના બે પ્રકાર છે. જીવકૃત ભગવત્સ્વીકાર (પ્રપત્તિ) અને ભગવત્કૃત જીવસ્વીકાર (અનુગ્રહ પુષ્ટિ). આ ગ્રંથ વૈધી ભક્તિ બતાવનારો હોવાથી આ રાગાત્મિકા ભક્તિનાં માત્ર અંગો બતાવી સંતોષ માનીશું. જો કે આ ગ્રન્થમાં કેટલાક પ્રયોગો આ માર્ગના પણ છે, પણ તેનાં સાધનો તરીકે માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાનમાં આત્યંતિક સ્નેહ અને પ્રપંચનું સર્વથા વિસ્મરણ—આ બે જ સાધનો વિશિષ્ટ છે.

વૈધી ભક્તિનાં મુખ્ય ૯ અંગ છે. તેમાંનાં પ્રથમ ૭ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન અને વંદન—આ સાધનો વિધિ-પૂર્વક કરવાનાં છે. તે સિદ્ધ થતાં તેનાં બીજાં ત્રણ અંગો—દાસ્ય સખ્ય અને આત્મનિવેદન-નું પર્યવસાન રાગાત્મિકા ભક્તિમાં સ્વાભાવિક* થઈ જાય છે, તેમાં વિધિ-નિષેધ ગૌણ બને છે. પ્રથમ જણાવેલાં શ્રવણાદિ અંગોમાં પણ સ્મરણ, અર્ચન, પાદસેવન, અને વંદન આ ચાર અંગો જ વિધિપ્રધાન છે. આમાં કેળવેલી શ્રદ્ધા-ભક્તિ જ ઉપાસનામંદિરનો પાયો છે.

ઉપાસનાયોગનું બીજું અંગ : શુદ્ધિ

શુદ્ધિના બે પ્રકાર છે: (૧) બહિઃશુદ્ધિ અને (૨) અંતઃશુદ્ધિ.

*સરખાવો ભાગવત :—

भक्तिं हरौ भगवति प्रवहन्नजस्रमानन्दबाष्पकलया मुहुरर्द्यमानः ।
विक्लिद्यमानहृदयः पुलकाचिताङ्गो नात्मानमस्मरदसाविति मुक्तलिङ्गः ॥
इत्यच्युताङ्घ्रिं भजतोऽनुवृत्त्या भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः ।
भवन्ति वै भागवतस्य राजन् ततः परां शान्तिमुपैति साक्षात् ॥

(૧) બહિ:શુદ્ધિના ૩ પ્રકાર છે: अ. દેહશુદ્ધિ, ब. સ્થાનશુદ્ધિ, क. દિશાશુદ્ધિ.

(अ) દેહશુદ્ધિ સ્નાનથી થાય. આ સ્નાન સાત પ્રકારનું છે.

(૧) માન્ત્ર સ્નાન—નાહતી વખતે **गंगे च यमुने चैव** જેવા મંત્રો બોલવાથી.

(૨) ભૌમ સ્નાન—અશક્ત અવસ્થામાં શુદ્ધ જલમાં ભીંજવેલાં કપડાંથી શરીર લૂછ્યા બાદ ચરણામૃત, ભસ્મ અથવા ગોરજ લેવાથી.

(૩) આગ્નેય સ્નાન—ભસ્મ ધારણ કરવાથી.

(૪) વાયવ્ય સ્નાન—ગોરજ ધારણ કરવાથી.

(૫) દિવ્ય સ્નાન—વર્ષાજળમાં સ્નાન કરવાથી.

(૬) વારુણ્ય સ્નાન—નદી અથવા તીર્થજળમાં ડૂબકી મારવાથી.

(૭) માનસ સ્નાન—અશક્ત અવસ્થામાં ભગવત્સ્વરૂપનું એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવાથી.

(ब) સ્થાનશુદ્ધિ—વડ, પીપળો, આસોપાલવ, બિલી, આમળાં જેવાં શુદ્ધ વૃક્ષની નીચે બેસી ગાયના છાણથી લીંપેલી જગાએ, તીર્થસ્થળમાં, મંદિરમાં અથવા ઘરના દેવમંદિરમાં એકાન્ત શાન્ત સ્થળમાં મંત્રપ્રયોગ કરવાથી.

(क) દિશાશુદ્ધિ—દિવસે પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખીને, અને રાત્રે ઉત્તર તરફ મુખ રાખીને પ્રયોગ કરવાથી.

(૨) અન્ત:શુદ્ધિ—દૈવી સંપત્તિના અભ્યાસથી, ઇન્દ્રિયસંયમ, ભયશૂન્યતા, વેદપાઠ, સ્વાધ્યાય, દાન, યજ્ઞ, સરલતા, અહિંસા, સત્ય, અક્રોધ, લોભત્યાગ, અહંકારત્યાગ, કુકર્મ અને ચંચલતાનો ત્યાગ, ધૈર્ય, ક્ષમા, શાન્તિ વગેરેથી અન્ત:શુદ્ધિ થાય છે.

ઉપાસનાયોગનું ત્રીજું અંગ : આસન

મનની એકાગ્રતાનો મોટો આધાર આસન ઉપર છે. એમાં સ્વસ્તિકાસન અને પદ્માસનને વધારે સિદ્ધિદાતા ગણ્યાં છે. આ આસન ઉપર બેસી ધ્યાન કરવાની પ્રક્રિયા ભગવદ્ગીતામાં* તથા શ્રીમદ્ ભાગવતમાં + એમ બે સ્થળે બતાવી છે. પવિત્ર સ્થાન ઉપર સ્થિર આસન રાખવું. બહુ ઊંચું કે નીચું નહિ. નીચે દર્ભાસન, ઉપર મૃગચર્મ, તેના ઉપર કંબલ અથવા રેશમી આસન÷ રાખવું. મન તથા ઇન્દ્રિયોને વશમાં રાખી આ આસન ઉપર બેસવું. શરીર, પીઠ, ગરદન અને મસ્તકને સીધી લીટીમાં રાખવાં. આમતેમ ન જોવું. નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખી ધ્યાન અથવા જપ કરવા. એનાથી હૃદયમાં ભગવત્સન્નિધિ પ્રાપ્ત થશે.

ઉપાસનાયોગનું ચોથું અંગ : પંચાંગસેવન

પોતાના ઇષ્ટદેવ અનુસાર સ્વાધ્યાય–બ્રહ્મયજ્ઞ–ગીતા–વેદપાઠ વગેરે, સહસ્રનામ સ્તોત્ર, સ્તુતિ, કવચ અને હૃદયના પાઠ કરવા અથવા સંધ્યાપૂજા, તર્પણ, બ્રહ્મયજ્ઞ, વૈશ્વદેવ અને અતિથિસત્કાર× કરવા તે.

ब्रह्मयज्ञो देवयज्ञो मनुष्ययज्ञः पितृयज्ञो भूतयज्ञ इति श्रुतेः ।

* સરખાવો ગીતા અ. ૬, શ્લો. ૧૧ થી ૧૪.

+ સરખાવો ભા. ૩. ૨૭. ૮ થી ૧૨ અને ૧૧. ૧૪. ૩૨–૪૩.

÷ कौशेयं कम्बलं चैव अजिनं पट्टमेव च ।
दारुजं तालपत्रं वा आसनं परिकल्पयेत् ॥
कृष्णाजिने ज्ञानसिद्धिः कम्बले दुःखमोचनम् ।
शान्तिके कम्बलः प्रोक्तः सर्वेष्टं चित्रकम्बलम् ॥ વગેરે.

आ. सू. पृ. ४५.

× વિશેષ માટે જુઓ શતપથબ્રાહ્મણ.

ઉપાસનાયોગનું પાંચમું અંગ : સદાચાર

આ સદાચારનું વર્ણન ગીતાજીના× બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ તરીકે, ૧૨ મા અધ્યાયમાં ભક્તનાં લક્ષણ તરીકે અને ૧૪ મા અધ્યાયમાં ગુણાતીત પુરુષનાં લક્ષણ તરીકે આપ્યું છે. શ્રીમદ્‌ભાગવતમાં આ સદાચારનું વર્ણન ઘણે સ્થળે છે. તેમાં તૃતીય સ્કંધના ૨૫ મા અધ્યાયમાં શ્લો. ૨૧ થી ૨૭, એકાદશ સ્કંધમાં બીજા અધ્યાયમાં શ્લો. ૪૫ થી ૫૫ સુધી મુખ્ય છે. સદાચાર એટલે મન, વચન અને કર્મનું શુભ આચારવિચારમાં એકત્વ. સદાચારીને સાધનાસિદ્ધિ હસ્તામલકવત્ બને છે.

ઉપાસનાયોગનું છઠ્ઠું અંગ : ધારણા

(૧) આ ધારણાનો વિષય એટલો ઊંડો અને અનુભવગમ્ય છે કે તે વિષે કંઈ પણ લખવું અગર વિચાર દર્શાવવા એ એક સાહસ બને છે, છતાં ક્રિયાયોગમાં એનું ખૂબ જ અગત્યનું સ્થાન છે. એટલે આ વિષયને પણ ગ્રહણ કર્યો છે, કારણ કે જ્યાં સુધી ધારણા ન થાય ત્યાં સુધી ધ્યાન અશક્ય છે. મોટા ભાગની સિદ્ધિનો આધાર જ ધારણા અને ધ્યાન છે. તે એટલે સુધી કે તેમાં જેટલી કચાશ તેટલા પ્રમાણમાં સિદ્ધિ દૂર.

પાતંજલ યોગસૂત્રમાં પતંજલિ મહારાજે એની વ્યાખ્યા આપી છે. **देशबन्धश्चित्तस्य धारणा। तत्र प्रत्ययैकतानता ध्यानम्।** ભટકતા મનને કોઈ પણ પ્રતીકમાં તદ્રૂપ તલ્લીન અને તદ્‌રસ બનાવવું એનું નામ ધારણા, અને ચિત્તની સ્વસ્વરૂપ ભૂલી પૂર્ણ વિશ્વાસપૂર્વક ધ્યેયમાં થયેલી એકાત્મતા એનું નામ ધ્યાન. જેમ કીડો ભમરીનું ધ્યાન ધરતાં ધરતાં જાતે ભમરી બની જાય છે, તેમ કયા પદાર્થમાં કેવી ધારણા કરવાથી કેવી સિદ્ધિ થાય છે

× સરખાવો ગીતા અ. ૨. ૫૫–૭૦; અ. ૧૨. ૧૩–૧૯; અ. ૧૪. ૨૨–૨૬.

એ પાતંજલ યોગસૂત્રના વિભૂતિપાદમાં ભગવાન પતંજલિએ સુંદર રીતે બતાવ્યું છે. શ્રીમદ્ભાગવતે તેનો જ અનુવાદ કરતું હોય તેમ એકાદશ સ્કન્ધના ૧૫ મા અધ્યાયમાં આ ધારણા-પદ્ધતિ બતાવી છે, અને તેને લીધે પ્રાપ્ત થતી સિદ્ધિઓનો પણ નિર્દેશ કર્યો છે.

પરંતુ એ વિભાગ યોગીઓ માટે છે. સર્વસામાન્ય સાધકો માટે એ જ શ્રીમદ્ભાગવતે* બીજા સ્કંધના પ્રથમ અને બીજા અધ્યાયમાં આપેલો ધારણામાર્ગ સરલ છે.

ધારણાના બે પ્રકાર છે: (૧) બહિર્ધારણા, (૨) અંતર્ધારણા.

૧. બહિર્ધારણા—આ કરવા માટે શ્રી શુકાચાર્ય જિતાસન, જિતશ્વાસ, જિતસંગ અને જિતેન્દ્રિય બનવાનો ઉપદેશ આપે છે. જો આ ચાર વસ્તુ નહિ હોય તો એટલા પ્રમાણમાં ધારણાની ખામી રહેશે. ત્યાર પછી સૌપ્રથમ ભગવાનના વિરાટ સ્વરૂપની ધારણા કરવી. આ જગત ભગવાનનું એક સ્વરૂપ છે. જગતથી જગદીશ્વર ભિન્ન નથી. પાતાલથી આરંભી સત્યલોક પર્યંત એક જ ભગવાનનું સ્વરૂપ પુરુષસ્વરૂપે વ્યાપક છે. પાતાલ ભગવાનનું પાદમૂલ છે, રસાતલ પગનો પાછલો ભાગ, મહાતલ એડીનો ભાગ, તલાતલ જંઘા, સુતલ જાનુપ્રદેશ, અતલ વિતલ ઊરુપ્રદેશ, ભૂમિ જઘનસ્થલ, મહર્લોક ગરદન, જનલોક વદન, તપોલોક લલાટ અને સત્યલોક એ સહસ્રશીર્ષાનું મસ્તક છે. એના મુખમાં અગ્નિ, બાહુમાં ઇન્દ્રાદિ દેવો, નેત્રમાં સૂર્ય–ચંદ્ર, આંખની પલકમાં દિવસ અને રાત્રિ, દાઢમાં યમ, હાસ્યમાં માયા, નાડીઓમાં નદી, હાડકાંઓમાં પર્વતો અને રુવાંટીમાં વૃક્ષો રહેલાં

* જુઓ ભા. સ્કં. ૨. ૨. ૮ થી ૧૨ અને સ્કં. ૩, અ. ૨૮. ૨૧ થી ૩૩.

છે. ભગવાનનું કલાકૌશલ્ય પશુપક્ષીના જુદા જુદા રંગ સરજવામાં છે. માનવીબુદ્ધિ એ ઈશ્વરની બુદ્ધિ છે. માનવમાત્રનું હૃદય તેનું નિવાસસ્થાન છે. જગતના સર્વ સ્થાવર–જંગમ પદાર્થો એમાં રહેલા છે, અને એનાથી પર કંઈજ નથી. તે સત્યસ્વરૂપ અને આનંદનિધિ છે. એ વિભુનો જ એક અણુ હું છું. હું તેને શરણે જાઉં છું.

આવી બહિર્ધારણા કરવાથી આપણી ક્ષુદ્રતા અને પરમાત્માની મહત્તા જણાતાં અહંકારનિવૃત્તિ થાય છે.

૨. અંતર્ધારણા—બહિર્ધારણા અને અંતર્ધારણા બે વિભાગની વચ્ચે શ્રીમદ્‌ભાગવત **सत्यां क्षितौ किं कशिपोः प्रयासैः** કહી સર્વથા વાસનાત્યાગનો ઉપદેશ આપે છે. પછી એકાન્ત પવિત્ર સ્થળમાં સ્થિર આસન કરી પોતાના હૃદયમાં અંગુષ્ઠમાત્ર પરિમાણુવાળા ભગવાનની ધારણા કરવાનો ઉપદેશ આપે છે. એ અંતર્ધારણાથી ભગવાનના ચરણારવિંદથી મસ્તક પર્યંત એક એક અવયવને હૃદયમાં સ્થિર કરી છેવટે સમગ્ર ભગવત્સ્વરૂપને હૃદયમાં સ્થિર કરવાનું છે.

આમ ધારણા કરવાથી સંસારમાં રહેવા છતાં સંસારનું સંપૂર્ણ વિસ્મરણ થશે, અને પરમાનન્દની પ્રાપ્તિરૂપ જીવન્મુક્ત દશા થશે.* ક્રિયાયોગનું આ એક મહત્ત્વનું અંગ છે.

ઉપાસનાયોગનું સાતમું અંગ : ધ્યાન

ધ્યાનના બે મુખ્ય ભેદ છે : (૧) ભગવાનના નિર્ગુણ નિરાકાર સ્વરૂપનું ધ્યાન, (૨) ભગવાનના સગુણ સાકાર સ્વરૂપનું ધ્યાન.

(૧) આ ધ્યાન માટે એક દૃષ્ટાન્ત આપવું ઉચિત ધારીએ છીએ. અનંત ખુલ્લા આકાશમાં એક મકાન આવેલું છે. તેના એક ઓરડામાં એક ખાલી ઘડો છે તે પણ આકાશથી પૂર્ણ છે.

* જુઓ ભા. ૨. ૨. ૧૯ થી ૨૧ અને ભા. ૩. ૨૮. ૩૪ થી ૪૪.

વાસ્તવિક રીતે ઘડામાં રહેલું આકાશ પણ આકાશનો એક અંશ છે. પણ મકાન અને ઘડાના ઉપાધિભેદથી તે જુદું લાગે છે. ઘડો ફૂટી જતાં ઘડામાં રહેલું આકાશ તેનો જ અંશ હોવાથી ઉપરના આકાશમાં મળી જાય છે. તેમ જો આપણા શરીરમાં રહેલો આત્મા એ નિર્ગુણ નિરંજન નિરાકાર પરમાત્માના ગુણધર્મવાળો હોય તો શરીર નાશ પામતાં તે પરમાત્મસ્વરૂપ જ બનશે.× આ પ્રમાણે વ્યક્તિ (ઘડા)માંથી વ્યષ્ટિ (મકાન)માં અને વ્યષ્ટિમાંથી સમષ્ટિ (વિશ્વ)માં આત્મચૈતન્યને લીન કરવાની ક્રિયા એ નિર્બીજ ધ્યાન યોગ.

એ વિજ્ઞાનમય આનન્દઘન પરમાત્મા બ્રહ્મ છે. એ સનાતન, નિર્વિકાર, અસીમ, અપાર, અનંત, અકલ, અવેદ્ય છે. સર્વ એમાં જ કલ્પિત છે અથવા એ જ સર્વ છે. એ સત્ છે તેમ અસત્ પણ એ જ છે. એ નિત્ય, સનાતન, અજ, પરમ, અવિનાશી, ચૈતન્યમય, જ્ઞાનમય, જ્યોતિર્મય, કૂટસ્થ, શાન્ત અને આનન્દમય છે. સમગ્ર જગત એની જ આનંદમયી લીલા છે. એનો આનન્દમય અંશ જ હું છું. તરંગ જેમ સમુદ્રથી ભિન્ન નથી, તેમ હું પણ તત્સ્વરૂપ છું અને મારા શુદ્ધ સ્વરૂપને તેમાં લીન કરું છું.

आनन्दमयोऽभ्यासात्।

પણ આ વસ્તુ ખૂબ અઘરી છે. લાખો કરોડોમાં એકાદને જ આ નિર્વિકલ્પ સમાધિયોગ પ્રાપ્ત થાય છે. અસ્તુ.

(૨) આ ગ્રંથનો વિષય તો સબીજ ધ્યાનયોગનો છે. તેથી ધારણા વડે હૃદયમાં સ્થિત થયેલા સાકાર ભગવાનનું અથવા કોઈ પણ ઇષ્ટદેવનું આપેલા ધ્યાનના શ્લોક વડે ધ્યાન કરવું ઇષ્ટ છે. ધ્યાનની પ્રક્રિયા શ્રીમદ્‌ભાગવતે બેચાર સ્થળે બતાવી છે, પણ તે બધામાં એકાદશ સ્કંધમાં આપેલી ધ્યાનપ્રક્રિયા અમને સર્વોત્તમ

× સરખાવો ભા. ૧૨. ૫. ૫ અને ૬. ૭. ૪૮.

લાગે છે, કારણ કે જે ફલ નિર્બીજ ધ્યાનયોગથી પ્રાપ્ત થાય છે તે અનાયાસે આ પ્રક્રિયાથી પ્રાપ્ત થાય છે, એ ભગવાને શ્રીમુખે ઉદ્ધવજીને કહેલા વચનથી સ્પષ્ટ થાય છે.*

ध्यानेनेत्थं सुतीव्रेण युञ्जतो योगिनो मनः ।
संयास्यत्याशु निर्वाणं द्रव्यज्ञानक्रियाभ्रमः ॥

भा. ११. १४. ४६

પ્રથમ આસન સિદ્ધ કરી બન્ને હાથની હથેળી ખોળામાં રાખી, નાસિકાના અગ્રભાગ તરફ જ દૃષ્ટિ રાખી પ્રાણાયામ કરવા. આપણું હૃદય અધોમુખ કમળ છે એવી કલ્પના કરવી. તેને ચત્તું કરવું. તેની આઠ પાંખડીઓને ક્રમશઃ ઉઘાડવી. એની વચમાંની કળી ઉપર સૂર્ય, અગ્નિ અને ચંદ્રનું ધ્યાન ધરવું. તેમાં મંડલાકાર અગ્નિતત્ત્વમાં સગુણ સાકારબ્રહ્મ (અથવા ઇષ્ટદેવતા) પ્રભુનું ધ્યાન ધરવું. તે સ્વરૂપ સમાન અવયવવાળું, શાન્ત, ચતુર્ભુજ, પીતાંબરધારી, શ્યામ, લક્ષ્મીજીના સ્થાનરૂપ, શંખ–ચક્ર–ગદા–પદ્મ–આયુધયુક્ત, વનમાળાથી સુશોભિત, સર્વાંગસુંદર, પ્રસન્નતાયુક્ત નેત્રવાળું છે, એવું ધ્યાન કરવું. સર્વ ઇન્દ્રિયોમાંથી મનને આકર્ષિત કરી, એકાગ્ર કરી એ સર્વને ભગવાનમાં જોડી દેવાં. પછી ભગવાનનાં સર્વ અંગો ઉપરથી વૃત્તિ ખસેડી માત્ર સુસ્મિત મુખારવિંદ ઉપર કેન્દ્રિત કરવી. આમ એકાગ્ર થયેલા મનને સગુણ બ્રહ્મમાં સ્થિર કરવું. આમ કરવાથી સાધક દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાના ભ્રમમાંથી મુક્ત થઈ બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત કરી શકશે.×

હવે આ ધ્યાનયોગમાં સ્થિર થવા માટેના ક્રિયાયોગમાં કેટલાક દોષ રહેલા છે. સાંસારિક સ્ફુરણા, લય (નિદ્રા), વિક્ષેપ, કષાય, આળસ, પ્રમાદ અને દંભ વગેરે. આટલા દોષોથી

* જુઓ ભાગવત સ્કં. ૧૧, અ. ૧૪. શ્લો. ૩૨–૪૬

× આ ઉપરથી પ્રિય વાચકને જણાશે કે આ પ્રક્રિયામાંથી જ યંત્રો, જે દરેક તન્ત્રને છેડે આપવામાં આવ્યાં છે, તેનો ઉદ્ભવ છે.

બચવા માટે સાધકે સદા જાગ્રત રહેવું ઘટે. પ્રથમ તો ચિત્ત-વૃત્તિને એકાગ્ર કરવા માટે તથા આ દોષોને દૂર કરવા માટે ખુબ પ્રયત્નં કરવો પડે છે, પણ થોડી ધીરજ અને પ્રયત્ન કરવાથી આ દોષો ધીમે ધીમે દૂર થશે.

ઉપાસનાયોગનું આઠમું અંગ : યન્ત્ર

આગલા ધ્યાનયોગમાં ધ્યાન કરવાની જે ક્રિયા બતાવવામાં આવી તેના પ્રતીક તરીકે યંત્ર છે. આપણાં પૂજન, યજન, હવન, તર્પણ વગેરે સર્વ ક્રિયાઓમાં સર્વ વિધિ હેતુવાળા હોય છે. એનું એક ઉદાહરણ ટૂંકમાં આપીએ છીએ.

સામાન્ય રીતે ભારતની હિંદુ જનતા શ્રી સત્યનારાયણ પૂજન, કથાશ્રવણ વગેરેથી ખૂબ પરિચિત છે. એમાં સત્યસ્વરૂપ ભગવાન મહાવિષ્ણુની સ્થાપના કરવામાં આવે છે. બાજઠ ઉપર સફેદ કકડો એટલે સત્ત્વ ગુણ, તેના ઉપર અષ્ટદલ મંડળ એટલે અષ્ટધા પ્રકૃતિ, અક્ષત–વાળી–અ–ક્ષત–સંપૂર્ણ, તેના ઉપર કલશ–ઘડો એટલે આપણું શરીર, તેમાં જીવનરૂપી જળ, તેનું ઢાંકણુ–પિધાન–તરભાણી એટલે હૃદય, કૌશેય વસ્ત્ર—કોમળતા, તેના ઉપર ચંદનથી ચીતરેલું અષ્ટદલ એટલે ભગવાનની આઠ સ્વતંત્ર શક્તિઓ. તેના ઉપર સત્યસ્વરૂપ ભગવાનની સ્થાપના અને પૂજા.

આવી ધારણા દરેક ભક્ત માટે શકચ નથી એથી ઋષિ-મુનિઓએ બાહ્ય યંત્રની રચના કરી. તેમાં ભૂપુર એટલે સત્ત્વ-ગુણસંપન્ન અષ્ટધા પ્રકૃતિયુક્ત ચતુરસ્ર મંડળ. તેની દશે દિશાઓ ઇન્દ્રથી અનંત સુધીના દશ દેવતાઓથી રક્ષાયેલી. કેટલેક સ્થળે અષ્ટદલ, દ્વાદશદલ અથવા ષટ્કોણ, વર્તુલ વગેરે આકૃતિઓ. તેના વિભાગોમાં અથવા છેડાઓ ઉપર મુખ્ય દેવની શક્તિ, અધિ-દેવતાઓ, આયુધો વગેરેનું સ્થાપન અને મધ્ય બિંદુમાં જે દેવદેવી-ની ઉપાસના કરવાની હોય તેનું મંત્રવર્ણાત્મક સ્વરૂપ. આમ ધ્યાનની

સુકરતા માટે યંત્રરચના અને તેના પૂજન દ્વારા ઇષ્ટદેવનું હૃદયમાં ચિન્તન અને સ્થાપન.

આ યન્ત્રોની રચના કેવી રીતે કરવી, એનું કેટલું માપ રાખવું, કઈ ધાતુ લેવી વગેરેના ઉલ્લેખ પણ સૂક્ષ્મ રીતે તંત્રશાસ્ત્રોએ આપ્યા છે; પણ સામાન્ય રીતે પૂજન કરનારના ૪ આંગળ જેટલું ચોરસ રાખવું આ સામાન્ય વિધિ છે. સુવર્ણ, તાંબું ચાંદી કે ભોજપત્ર ઉપર આ યંત્ર કરવું. રેખા તથા મન્ત્રાક્ષરો અને આંકડા પાતળા અને સ્પષ્ટ દેખાય એવા કોતરાવવા. ભૂર્જપત્ર ઉપર યંત્ર કરવામાં આવે તો અષ્ટગંધથી રચના કરવી. એની પ્રતિષ્ઠાથી વિસર્જન સુધી જમીનને સ્પર્શ થાય એવી રીતે મૂકવું નહિ.

આ યંત્રના બે ઉપયોગ થાય છે. કેટલા પ્રયોગોમાં દેવનું સ્થાપન એના ઉપર જ કરવામાં આવે છે, જ્યારે કેટલાક પ્રયોગોમાં એ જ યંત્ર મૂર્તિરૂપે પૂજાય છે. આવા પ્રયોગમાં કોઈ વિદ્વાન તત્ત્વજ્ઞ બ્રાહ્મણની સલાહ લેવી આવશ્યક છે.

યંત્રપૂજન સાથે અનુષ્ઠાન કરવાથી ધ્યાન અને જપ કરવામાં ખૂબ વેગ મળે છે, અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

ઉપાસનાયોગનું નવમું અંગ : પૂજન, યાગ, તર્પણ, બલિ

(૧) પૂજનના બે પ્રકાર છે : ઉપચારાત્મક અને માનસ.

ઉપચારાત્મક પૂજનમાં પંચોપચાર, ષોડશોપચાર, એક વિંશત્યુપચાર, એકત્રિંશદુપચાર અને રાજોપચાર આવે છે. એમાં ષોડશોપચાર ખૂબ પ્રચલિત છે : (૧) આવાહન, (૨) આસન, (૩) પાદ્ય, (૪) અર્ઘ્ય, (૫) આચમન, (૬) સ્નાન, (૭) વસ્ત્ર, (૮) યજ્ઞોપવીત, (૯) ગંધ, (૧૦) પુષ્પ, (૧૧) ધૂપ, (૧૨) દીપ, (૧૩) નૈવેદ્ય, (૧૪) તાંબૂલ (આરતિ) (૧૫) મંત્રપુષ્પાંજલિ, (૧૬) પ્રદક્ષિણા–નમસ્કાર.

(૨) માનસપૂજા—શારીરિક અશક્તિમાં માનસપૂજા કરી શકાય. **માનસી સા પરા મતા** એમ કહી શ્રીમદાચાર્યચરણે તો માનસપૂજાને વધુ મહત્ત્વ આપ્યું છે. આવાહનાદિ સર્વ ઉપચારોથી અંતઃકરણસ્થિત પરમાત્માનું ધ્યાન કરતાં મનથી પૂજન કરવું

એનું નામ માનસપૂજા.*

(૨) યાગના બે પ્રકાર છે : (૧) હોમાત્મક યાગ અને (૨) ઉપયાગ.

(૧) હોમાત્મક યાગ—વૈશ્વદેવથી આરંભી વિષ્ણુયાગ પર્યંત યજ્ઞો કરવામાં આવે છે તે. આનો વિધિ ભાગવતના યાગ પ્રકરણમાં આપવામાં આવ્યો છે. વિશેષ માટે જિજ્ઞાસુઓએ કોઈ વિદ્વાન બ્રાહ્મણની સલાહ લેવી.

(૨) ઉપયાગ—હોમરહિત હોવા છતાં યજ્ઞ સમાન ફલદાતા હોવાથી અમે એનું ઉપયાગ એનું નામ આપ્યું છે. તેના ત્રણ પ્રકાર છે: (૧) સ્વાધ્યાય યાગ, (૨) જીવપુષ્ટિ યાગ, (૩) જપ યાગ. બ્રહ્મયજ્ઞ અથવા સ્વાધ્યાય દેવપૂજાદિ સમાપ્ત કર્યા બાદ કરવામાં આવે છે. સમસ્ત જીવધારીઓના કલ્યાણ માટે ભોજનદાન, જલદાન વસ્ત્રદાનાદિ જીવયાગ છે. (૩) જપયાગ—આ સંબંધી આગળ વિચાર કરવામાં આવશે.

(૩) તર્પણ—આ તર્પણના ચાર પ્રકાર છે: દેવ, ઋષિ, પિતૃ અને મનુષ્ય. તર્પણ કરવાથી આરાધિત દેવોની પ્રસન્નતા અને પિતૃઓનો આશીર્વાદ મળે છે. અનુષ્ઠાનમાં જે મંત્રથી અનુષ્ઠાન કરવામાં આવ્યું હોય તેનાથી તર્પણ, માર્જન વગેરે કરવામાં આવે છે. એનું ફળ પણ ઇષ્ટદેવની પ્રસન્નતા છે.

(૪) બલિ—પોતપોતાના સંપ્રદાયાનુસાર પોતાના ઇષ્ટદેવને હિંસારહિત બલિ સમર્પણ કરવાથી આત્મકલ્યાણ થાય છે અને પ્રાણીમાત્રમાં સ્વસ્વરૂપની ભાવના પેદા થાય છે. તર્પણ અને બલિને પણ ઉપયાગમાં ગણીએ તો ખોટું નથી.

ઉપાસનાયોગનું દશમું અંગ : મંત્રજપમાલા, સંસ્કાર

અત્યાર સુધી ઉપાસનાયોગરૂપી ભવ્ય મંદિરનાં અંગ–ઉપાંગોનું

---

* आवाहनादिपुष्पान्ता विधयः कथिता बुधैः ।
ते सर्वे ध्यानयोग्याः पूजा सा मानसी मता ॥—वाराहसंहिता

વર્ણન કર્યું. મંત્રયોગ એ આ મંદિરનો પ્રધાન દેવ છે. મંદિર ગમે તેટલું મોટું, સુંદર, રોનકદાર અને ભવ્ય હોય, છતાં તેમાં જો દેવ જ ન હોય તો તે જેમ સામાન્ય ઘર બની જાય છે, તેમ મંત્રપ્રક્રિયા જાણ્યા વિના આ સમગ્ર અંગ–ઉપાંગો જોઈએ તેવી સિદ્ધિ આપવા સમર્થ નહિ થાય. જો કે આ બધી જ સત્ક્રિયા છે, અને સત્ક્રિયા ફલદાયી તો હોય જ છે, પણ મંત્રયોગની ક્રિયા વડે તે સદ્યફલદાતા અને ધાર્યા સમયમાં ધાર્યું ફળ આપનાર બને છે આ અમારું નમ્ર મન્તવ્ય છે. અસ્તુ.

હવે પ્રથમ આપણે મંત્ર એટલે શું તે જોઈએ. અમુક માણસે અમુક વ્યક્તિની સાથે મંત્રણા કરી. અહીં મંત્રણા એટલે ગુપ્ત રહસ્ય, જેનું પરિણામ બહાર આવ્યા બાદ જ મંત્રણાનો ભેદ ઊકલે. મંત્ર એટલે ગુપ્ત પરામર્શ, વ્યક્તિગત ઐકાન્તિક રહસ્ય.

જગતની મહાસિદ્ધિઓ આ મંત્રણાને આભારી છે. એણે મોટા મોટા વૈજ્ઞાનિકો, રાજનીતિજ્ઞો, તત્ત્વવેત્તાઓ, વીર અમાત્યો, અને દેશનાયકો સરજ્યા છે. સમગ્ર જગતનું રક્ષણ કે સંહાર કરવાની શક્તિ એવી મંત્રણામાં છે. એક નાના સરખા મગજમાંથી નીકળેલો મંત્ર સર્વવ્યાપી બને છે. ગયા સ્વાતંત્ર્યયુદ્ધમાં મહાત્મા ગાંધીજીએ દેશને મંત્ર આપ્યો Quit India. સામે ચર્ચિલે પણ એકાક્ષરી મંત્ર આપ્યો V for Victory. એનાં માનસિક વિચારનાં આંદોલનોએ સત્ અને અસત્‌ની બન્ને બાજુઓ સળગાવી અને જગતે સત્‌નો વિજય જોયો.

આજના સમયમાં માણસ પાસે સમગ્ર સુખનાં સાધનો હોવા છતાં એ દુઃખી કેમ છે? જેમ જેમ એ દુઃખનો પ્રતિકાર કરવા જાય છે, તેમ તેમ સુખ મળવાનું દૂર જાય છે. ઊલટું, નવું દુઃખ ઊભું થાય છે. જે પુત્રથી એ સુખ વાંછે છે તે પુત્ર જ એના દુઃખનું કારણ બને છે. જે ધન કે સત્તાથી એ સુખી થવા ઇચ્છે છે તે ધન અથવા સત્તા જ એને દુઃખી કરી મૂકે છે. આ વિચાર પણ

ભાગવતની નજર બહાર નથી. તૃતીય સ્કંધમાં મહાત્મા વિદુર મહર્ષિ મૈત્રેયને પ્રશ્ન કરે છે—

सुखाय कर्माणि करोति लोको न तैः सुखं वान्यदुपारमं वा ।
विन्देत भूयस्तत एव दुःखं किमत्र युक्तं भगवान् वदेन्नः ॥

આવાં દુઃખોને દૂર કરવાનો ઉપાય શો ?

પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિચારપ્રણાલીમાં મોટું અંતર છે. પાશ્ચાત્ય શિક્ષાપ્રણાલી ભૌતિક સાધનો અને શાસ્ત્રોથી સુખપ્રાપ્તિ માને છે અને એની પ્રવૃત્તિ ચેતન મન (conscious mind)થી થાય છે એમ માને છે, જ્યારે પૌરસ્ત્ય શિક્ષાપ્રણાલી ભૌતિક સાધનો અને શાસ્ત્રો માત્ર ભૌતિક સુખ આપનાર હોવાથી અને પરિણામે દુઃખજનક હોવાથી માનવજાતિના હિતને ખાતર જ તેનો પ્રમાણસર ઉપયોગ અને પછી તેનો ત્યાગ કરી અન્તર્મન (Sub-conscious mind) દ્વારા આધ્યાત્મિક સુખ ઇચ્છે છે. આથી પાશ્ચાત્ય શિક્ષાપ્રણાલીમાં જે મનનો આત્મચૈતન્ય સાથે સંયોગ થવો જોઈએ તે ન થતાં તેઓ વિચારશીલ, વિદ્વાન અને સાધનસંપન્ન હોવા છતાં તેઓમાં આત્મવિશ્વાસ હોતો નથી. ઈશ્વર ઉપરની શ્રદ્ધા, ભક્તિ કે પ્રેમનો અભાવ હોવાથી તેઓ જનતાજનાર્દનનાં દુઃખનો વિચાર કરી શકતા નથી. શુષ્ક તર્કવિતર્કમાં તે ગોથાં ખાય છે. થોડી વિપત્તિ આવતાં આકાશપાતાલ એક કરે છે અને ભૌતિક સુખના છલકાતા સાગરમાં પણ દુઃખ ભોગવે છે.

પૌરસ્ત્ય સંસ્કૃતિમાં આમ નથી. પૌરસ્ત્ય સુખ

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥

માં માને છે. આનો પરિચય આગલાં ક્રિયાયોગનાં અંગોમાં અપાઈ ગયો છે. એવાં પરમસુખનું મહાસાધન છે મંત્રયોગ.

જગતમાં બે પદાર્થ છે : જડ અને ચૈતન્ય. જે કોઈ ક્રિયા થાય છે, એ જડ અને ચૈતન્યના સંયોગથી જ થાય છે. માનવ કલેવર

જડ, આત્મા એ ચૈતન્યાંશ. વીજળીનો પંખો કલેવર. તેમાં આવતી ઇલેક્ટ્રિસિટી એ કેવળ ચૈતન્ય. જે આ જડ અને ચેતનને ઓળખે તે જ દીવો પ્રગટાવી શકે. અન્યથા જડ કામ કરે નહિ, અથવા ઇલેક્ટ્રિસિટી પ્રાણહરણ કરે. મંત્ર એટલે આવો અધ્યાત્મદીપ. આથી મન્ત્ર એ સાધારણ શબ્દ કે વાકય નથી, પણ માનવનાં ધ્યેયને સંપાદન કરાવનારો અધ્યાત્મદીપ છે. તેમાં જેટલો વિશ્વાસ વધારે તેટલી સિદ્ધિ વધારે. હવે આ મંત્ર ચૈતન્યરૂપ શાથી બને છે તે જોઈએ.

મંત્રનું સ્વરૂપ:

શબ્દના બે પ્રકાર છે: (૧) મનથી પ્રેરાયેલા વાયુના આઘાતથી કંઠ, તાલુ, જિહ્વા વગેરે સ્થાન પરથી બોલાતો શબ્દ, (૨) અંતઃકરણમાં ઉદ્ભવ પામનારો, જેને વૈયાકરણીઓ 'સ્ફોટ' કહે છે તે, શબ્દબ્રહ્મ. સ્ફોટ શબ્દનો અર્થ જ એ છે કે જેનાથી અર્થની સ્ફુરણા થાય.

પ્રથમ માણસના મનમાં અર્થનું સ્ફુરણ, સ્પંદન અને કંપન થાય છે. એ જ નાદનું સહાયકર્તા તત્ત્વ છે. આ જ ચૈતન્ય-સ્પંદનથી જ સૂક્ષ્મ અર્થ, શબ્દ, તન્માત્રા, આકાશ, સ્થૂલ શબ્દો વગેરેની અભિવ્યક્તિ થાય છે. અહીં જ આત્માને સગુણ બ્રહ્મ અથવા શબ્દબ્રહ્મની સાચી ઝાંખી થાય છે. આ જ મંત્રનું મૂલ છે. અને અહીં જ ગુરુદેવ મંત્રદીપને પ્રગટાવનાર દીક્ષારૂપી સ્વીચ દબાવે છે. દેવનો અનુગ્રહ સહાયક બને છે. અહીં જ આત્માને મંત્ર, ગુરુ અને દેવતાની એકતા પ્રાપ્ત થાય છે. આવો ચૈતન્યસ્ફોટ જ્યારે આત્મપ્રેરણાથી કંઠ, તાલુ આદિ સ્થાનો દ્વારા બહાર આવે તે જ મંત્ર, બાકીની વૈખરી. મંત્રનું મુખ્ય કાર્ય માનવની પ્રસુપ્ત ચેતનાને જીવન્ત, જ્વલંત અને જાગ્રત કરવાનું છે, નરને નારાયણી શક્તિ સમર્પવાનું છે. અસ્તુ.

આમ મંત્રનું સ્વરૂપ સમજ્યા પછી આપણે એનાં અંગ-ઉપાંગો જોઈએ,

દીક્ષા :

પ્રથમ મંત્ર ॐ છે. બીજો વરદાયી મંત્ર ગાયત્રી છે. બ્રાહ્મણ બાલકને આ દીક્ષા ગુરુદ્વારા મળે છે. એ પ્રક્રિયાને વ્રતબંધ કહે છે. એવી જ રીતે અન્ય સંપ્રદાયોમાં પોતાના ઇષ્ટદેવને અનુલક્ષીને અને સાધકની યોગ્યતા જોઈ આચાર્યો મંત્રદીક્ષા આપે છે. વૈષ્ણવોનો બ્રહ્મસંબંધ એ આ પ્રકારની દીક્ષા જ છે. ગુરુદેવના મુખમાંથી પ્રાપ્ત થવાને લીધે શબ્દો મન્ત્ર બને છે. માટે દીક્ષા* આવશ્યક અંગ છે.

यथा देवे तथा मन्त्रे यथा मन्त्रे तथा गुरौ ।
यथा गुरौ तथा स्वात्मन्येवं भक्तिक्रमः स्मृतः ॥
यथा घटश्च कलशः कुम्भश्चैकार्थवाचकाः ।
तथा मन्त्रो देवता च गुरुश्चैकार्थवाचकाः ॥

—सुन्दरीतापिनी

ધ્યાન :

પોતાના નિત્યકર્મથી પરવારી, આચમન, પ્રાણાયામ વગેરે કરી ઇષ્ટદેવના ધ્યાનપૂર્વક જપનો આરંભ કરવો. ધ્યાનની વાત આગળ આવી ગઈ છે. જપસંખ્યા નક્કી કરી રોજ સમય અને સંખ્યાના નિયમને પાળવાનો આગ્રહ રાખવો. જપની શરૂઆતમાં અને અંતમાં ન્યાસ કરવાના હોય છે. એ ન્યાસ શા માટે છે તે જોઈએ.

ન્યાસ :

ન્યાસ એટલે સ્થાપન. બહાર તેમ જ અંદર પ્રત્યેક અંગમાં

---

* કેટલાક લોકો આવી દીક્ષામાં માનતા નથી એ ઠીક નથી. બી. એ. કે એમ. એ. પાસ થયેલ વિદ્યાર્થીને કુલપતિ દીક્ષાન્ત સંસ્કાર આપે છે. વડા પ્રધાનનો અથવા ન્યાયાધીશ જેવો ઊંચો હોદ્દો લેતી વખતે તેને સોગંદવિધિ કરવી પડે છે. જ્યારે ધર્મચ્યુતિ થવાનો પ્રસંગ આવે, ત્યારે દીક્ષા એને માટે લાલબત્તી છે. તો આત્મકલ્યાણ માટે દીક્ષા લેવામાં શો વાંધો ?

ઇષ્ટદેવતા અને મંત્રનું સ્થાપન તેનું નામ ન્યાસ. આપણા સ્થૂલ શરીરમાં અપવિત્રતાનું સામ્રાજ્ય છે. જ્યાં સુધી એ દિવ્ય અને શુદ્ધ ન થાય ત્યાં સુધી દેવપૂજા અથવા મંત્રજપનો અધિકાર આવતો નથી. જ્યાં સુધી એ અપવિત્રતા હોય ત્યાં સુધી તેના સ્પર્શ અને સ્મરણથી ગ્લાનિ થાય છે. ગ્લાનિયુક્ત ચિત્ત પ્રસાદ અને ભાવોદ્રેકથી શૂન્ય રહે છે અને તેથી લય, વિક્ષેપ, પ્રમાદ, તન્દ્રા વગેરે ઉત્પન્ન થાય છે. આથી તૈલધારાવત્ એકધારું સ્મરણ કરી શકાતું નથી. આ દોષ મટાડવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય ન્યાસ છે. ન્યાસ એટલે શરીરના દરેક અવયવમાં સુષુપ્ત રહેલી ક્રિયાશક્તિનું અને અંતઃકરણમાં રહેલી મૂર્ચ્છિત ભાવનાશક્તિનું ઉત્થાન કરવાની ક્રિયા. ન્યાસના ઘણા પ્રકાર છે. તેમાં કરન્યાસ, અંગન્યાસ, મંત્ર-ન્યાસ, ઋષ્યાદિન્યાસ વગેરે છે. મસ્તકમાં ઋષિ, મુખમાં છન્દ, હૃદયમાં દેવતા વગેરેનું જ્યારે આ ન્યાસથી સ્થાપન કરવામાં આવે છે ત્યારે સ્થૂલ શરીરના રોમરોમમાં દિવ્યતા અને માધુર્યનો સંચાર થાય છે. એવી સ્થિતિમાં મન પણ દિવ્ય બની જાય છે, ચિન્મયત્વનો બોધ થાય છે. આમ देवो भूत्वा देवं यजेत् નું કારણ ન્યાસ બને છે.

મંત્રદોષ :

હરિતત્ત્વદીધિતિમાં મંત્રના આઠ દોષ આપવામાં આવ્યા છે. આનું જ બીજું નામ નામાપરાધ છે. તે નીચે પ્રમાણે :

(૧) અભક્તિ—કોઈપણ મન્ત્ર દેવતા સ્વરૂપ છે. એને અક્ષર વર્ણાત્મક સમજવો, બીજા મંત્રને પોતાના મંત્રથી હીન સમજવો તે. આવી સ્થિતિમાં અન્યાશ્રય ન કરતાં પોતાના ઇષ્ટદેવમાં વધુ શ્રદ્ધા રાખી તે મંત્રનો જાપ ચાલુ રાખવો.

(૨) અક્ષરભ્રાન્તિ—ગુરુ અથવા શિષ્યના ભ્રમ-પ્રમાદથી મંત્રના અક્ષરોમાં ફેરફાર થવો. આવી સ્થિતિમાં ગુરુ અથવા કોઈ સાધકનો સંપર્ક સાધી પુનઃ મંત્રગ્રહણ કરવું.

(૩) લુપ્તદોષ—મંત્રમાં કોઈ વર્ણની ન્યૂનતા. ઉપાય ઉપર મુજબ.

(૪) છિન્નદોષ—મંત્રના સંયુક્ત વ્યંજનમાંનો કોઈ વર્ણ છૂટો પડી જાય તે. ઉપાય ઉપર મુજબ

(૫) હ્રસ્વ દોષ–દીર્ઘ સ્વરને બદલે હ્રસ્વ બોલવો તે ઉપાય ઉપર મુજબ.

(૬) દીર્ઘ દોષ—હ્રસ્વના સ્થાનમાં દીર્ઘ ઉચ્ચાર કરવો તે. ઉપાય ઉપર મુજબ

(૭) કથન દોષ—જાગ્રત અવસ્થામાં બીજાને મંત્ર કહેવો તે.

(૮) નામાપરાધ—

નામાપરાધના ૧૦ દોષ નીચે પ્રમાણે:

(૧) નિન્દા કરવી, (૨) આસુરી પ્રકૃતિવાળાને નામમહિમા બતાવવો, (૩) દેવોમાં ભિન્ન દૃષ્ટિ, (૪) વેદો ઉપર વિશ્વાસ ન રાખવો, (૫) શાસ્ત્રો પર અવિશ્વાસ, (૬) ગુરુ ઉપર અવિશ્વાસ, (૭) નામ-મહિમાને અસત્ સમજવો, (૮) નામસ્મરણને ભરોસે અસત્કર્મ કરવું, (૯) નામને ભરોસે વિહિત કર્મ ન કરવું, (૧૦) ભગવાનના નામસાધન સાથે બીજાં સાધનોની તુલના કરવી.

ઉપર જણાવેલા મંત્રદોષ–નામાપરાધ, ચેતતા રહી દૂર કરવાથી શીઘ્ર સિદ્ધિ થાય છે.

મન્ત્રચૈતન્ય—શાસ્ત્રકારોએ મંત્રચૈતન્યના ઘણા પ્રકાર બતાવ્યા છે, પણ તેમાંથી સરળમાં સરળ બે પ્રયોગ આપીએ છીએ.

(૧) જે મંત્રનો જપ કરવાનો હોય તેને કામબીજ, શ્રીબીજ તથા શક્તિબીજથી સંપુટીકરણ કરી એક માળા કરવી. આમ કરવાથી મંત્રમાં ચૈતન્ય આવે છે.

(૨) સૂર્યમંડળનું ધ્યાન ધરી એમાં મંત્રાંક્ષરોનું ધ્યાન ધરવું. એના મધ્યમાં રહેલા ગુરુ, દેવ અને તેની શક્તિનું ધ્યાન કરી મંત્રની ૧ માલા કરવી.

મંત્રબીજ—આગળ જણાવ્યા મુજબ મંત્ર સાધારણ શબ્દ નથી. **મननात् त्रायते इति मन्त्रः।** કોઈ પણ મંત્રનો શબ્દ-સમુચ્ચય એટલે દેવની તેજોમય વર્ણમૂર્તિ, છતાં ઇષ્ટદેવતાથી

અભિન્ન હોવાથી મંત્રવર્ણ તેમાં રહેલા અર્થનો બોધ તો કરાવે જ છે. આથી શાસ્ત્રકારોએ મંત્રજપની સાથે એના અર્થજ્ઞાનની પણ આવશ્યકતા બતાવી છે, અને એ અર્થજ્ઞાન સુકર બને તે માટે બીજમંત્રો આપ્યા છે. જેમ માળ ઉપર જવા માટે સીડી કરતાં લિફ્ટની મદદ મળતાં માણસ સહેલાઈથી ધ્યેયને મેળવે છે, તેમ બીજમંત્ર પ્રથમ અર્થનો આવિષ્કાર કરે છે, અને પછી મંત્રનો અર્થપ્રકાશ આપે છે. હવે આપણે કેટલાક બીજમંત્રના અર્થ જોઈએ.

(૧) ॐ—अ એટલે વિષ્ણુ, उ–બ્રહ્મા, म्–મહેશ્વર, અર્ધમાત્રા–ચિત્શક્તિ, બિન્દુ–દુઃખહારક પરબ્રહ્મ—સાકાર–નિરાકારની એકતા = ॐ, ॐ = તાર, ઉદ્ગીથ, પ્રણવ. સગુણ–નિર્ગુણ બ્રહ્મ અમને ચૈતન્યશક્તિ દ્વારા તારો.

(૨) ह्रीं—ह् એટલે ગુરુતત્ત્વ, શિવતત્ત્વ, પ્રાણતત્ત્વ, र्–અગ્નિતત્ત્વ, પ્રકૃતિ, પ્રકાશ, ई–**महामाया**, બિન્દુ–દુઃખહરણ, નાદ–વિશ્વમાતા. શિવયુક્ત મહામાયા વિશ્વમાતા પ્રકૃતિ મારાં દુઃખોનો નાશ કરો. આને શક્તિબીજ અથવા માયાબીજ કહેવામાં આવે છે.

(૩) श्रीं—श्–મહાલક્ષ્મી, र्–ધનસંપત્તિ, પ્રકાશ, ई–તુષ્ટિ, નાદ–વિશ્વમાતા, બિન્દુ–દુઃખહરણ. તુષ્ટિ–પુષ્ટિની અધિષ્ઠાત્રી માતા મહાલક્ષ્મી મારાં દુઃખોનો નાશ કરો. આને શ્રીબીજ અથવા લક્ષ્મીબીજ કહે છે.

(૪) क्लीं—क्–કૃષ્ણ અથવા કામ, ल्–ઇન્દ્ર, ई–તુષ્ટિ. બિન્દુ–દુઃખહરણ. સર્વશ્રેષ્ઠ મન્મથમન્મથ ભગવાન શ્રીકૃષ્ણ મને તુષ્ટિ અને પુષ્ટિ આપો. આને કૃષ્ણબીજ અથવા કામબીજ કહે છે.

(૫) क्ष्रौं—क्ष्–નૃસિંહ. र्–બ્રહ્મ, औ–ઉગ્રદન્ત, બિન્દુ–દુઃખહરણ. બ્રહ્મસ્વરૂપ ઉગ્રદન્ત ભગવાન શ્રીનૃસિંહ દુઃખોથી મારી રક્ષા કરો. આ નૃસિંહબીજ છે.

(૬) ऐं—ऐ–સરસ્વતી, બિન્દુ–દુઃખહરણ. ભગવતી સરસ્વતી મારાં દુઃખોનો નાશ કરો. આ સરસ્વતીબીજ છે. એનું ફળ વાક્સિદ્ધિ છે.

મંત્રશાસ્ત્રમાં આવાં ઘણાં બીજ છે. પણ આ ગ્રન્થમાં આટલાં જ ઉપયુક્ત હોવાથી વિસ્તારભયથી બીજાં આપ્યાં નથી.

મુખશોધન :

આપણી જીભ ઉપર અનેક પ્રકારના મળ હોય છે. ભોજનનો મળ, અસત્ય ભાષણ, પરનિન્દા, આત્મસ્તુતિ, ક્લેશ-કંકાસ વગેરે. આ મળને દૂર કરવા માટે બીજમંત્રનો દશવાર જપ કરવો.

જપના પ્રકાર :

શાસ્ત્રકારોએ જપ કરવાના ૧૪ પ્રકાર બતાવ્યા છે, પણ તેમાં મુખ્ય ત્રણ છે: (૧) વાચિક, (૨) ઉપાંશુ અને (૩) માનસ.

(૧) વાચિક—

જેમાં મંત્રનું ઉચ્ચારણ બીજા સાંભળી શકે એને વાચિક જપ કહે છે. યોગીને માટે આ પ્રકારના જપ સુગમ છે. પણ પછીથી ક્રમશઃ તેણે ઉપાંશુ અને માનસ જપનો અભ્યાસ પાડવો જોઈએ. સામાન્યતઃ આ પ્રકારના જપ નિમ્નકોટિના ગણાય છે, પણ આરંભમાં ભાવનાપૂર્વક કરવાથી એ દ્વારા વર્ણબીજની પ્રસુપ્ત શક્તિઓ જાગ્રત થાય છે.

(૨) ઉપાંશુ—

આ જપમાં હોઠ હાલે છે. ઉચ્ચારણ મુખમાં જ થાય છે. કેવળ પોતે જ એ ઉચ્ચારનું શ્રવણ કરી શકે. વાચિક જપ કરતાં આ પ્રકારના જપ શ્રેષ્ઠ છે. આથી મનની મૂર્છના થઈ એકાગ્રતા થવા લાગે છે. વૃત્તિઓ અંતર્મુખી થાય છે. દૃષ્ટિ અર્ધોન્મીલિત બને છે. આના દ્વારા સાધક ક્રમશઃ સ્થૂલથી સૂક્ષ્મમાં પ્રવેશ કરે છે. તે વખતે ઘેન આવે છે, પણ આગળ જતાં અભ્યાસથી તે મટી જાય છે.

(૩) માનસ જપ—

જેવું શરીરમાં પ્રાણનું સ્થાન છે તેવું જપયોગમાં માનસ જપનું

સ્થાન છે. ઉપાંશુ જપની ઉત્તરભૂમિકાથી આ માનસ જપનો આરંભ છે. આમાં મંત્રનો જિહ્વાથી ઉચ્ચાર થતો નથી, પણ મન્ત્રાવૃત્તિ કાયમ રહે છે. તે સાથે મંત્રાર્થનો રસાસ્વાદ પણ વધતો જાય છે. હવે ઇષ્ટદેવના સગુણ સ્વરૂપનું ધ્યાન તેમાં મળે છે. અંતઃકરણમાં દિવ્ય તેજઃપુંજમાં ભગવત્સ્વરૂપ-દર્શન, મંત્રાર્થચિન્તન અને સ્તુતિ સાથે થતી મંત્રાવૃત્તિથી દિવ્ય આનંદની પ્રાપ્તિ થાય છે. અહીં જ પ્રબોધસુધાકરમાં જણાવ્યા પ્રમાણે નાદાનુસંધાન થાય છે. ભેરી, મૃદંગ, શંખ આદિ દિવ્ય નાદ સંભળાય છે. આંખ બંધ હોય છે. રસના મંત્રજાપ-રસાસ્વાદ લેતી હોય, હૃદયમાં ઇષ્ટદેવનો પ્રકાશ થાય, અને પ્રભુસ્વરૂપદર્શન થતું હોય. આ વગેરે મળી જે દિવ્ય આનંદ થાય છે, તેને ભૌતિકવાદીઓ કદીય સમજી શકે એમ નથી. અહીં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થઈ જાય છે. આ જ છે **रसो वै सः ।**

ઉપરના ત્રણ પ્રકારો જણાવ્યા બાદ નીચેના પણ જપના પ્રકારો છે :

(૧) નિત્ય જપ. (૨) નૈમિત્તિક જપ. દેવની જયન્તી અથવા કોઈ પણ નિમિત્તને અંગે થતા જપ. (૩) કામ્ય જપ—પોતાની કોઈ ઇચ્છા પૂર્ણ કરવા માટે થતા જપ. (૪) પ્રાયશ્ચિત્ત જપ—અજાણતાં થયેલા દોષને દૂર કરવા માટે થતા જપ. (૫) ભ્રમર જપ-ભ્રમરની માફક ગુંજારવ જેમાં થાય તે. (૬) પ્રદક્ષિણા જપ-હાથમાં માળા લઈ તુલસી, પીપળો, વડ, શ્રીમદ્ભાગવત, દેવ વગેરેની પ્રદક્ષિણા અને વંદન કરવામાં આવે છે તે વખતે થતા જપ, વગેરે. નીચેના બે પ્રકારના જપ, ભક્તિ જ્ઞાન કે યોગની ઉચ્ચ ભૂમિકાના છે. અખંડ જપ, અજપા જપ. એમાં માળાની જરૂર નથી. શ્વાસપ્રશ્વાસ એ જ એની માળાના મણકા છે. પ્રત્યેક શ્વાસે માનસ જપ ચાલે છે. મન્ત્રાર્થભાવના દૃઢ થઈ ગઈ હોય છે. નાદાનુસંધાન અને

ભગવત્સ્વરૂપ દર્શન સાહજિક થયાં હોય છે. આવા યોગી અને મહાત્માઓ કહેતા હોય છે—

राम हमारा जप करे हम बैठे आराम !

આવા બ્રહ્મસ્વરૂપ યોગીઓને અમારા કોટિશઃ પ્રણામ !

માળા :

જપની સંખ્યા ગણવા માટે માળા એ દિવ્ય સાધન છે. માળાના ત્રણ પ્રકાર છે. : (૧) કરમાળા (૨) વર્ણમાળા (૩) મણિમાળા.

(૧) કરમાળા—

આમાં અનામિકાના મધ્યપર્વથી નીચે ૨, કનિષ્ઠિકાના મૂળથી અગ્રભાગ સુધી ૩, અનામિકાનો અગ્રભાગ ૧, મધ્યમાનો અગ્રભાગ ૧, તર્જનીના અગ્રભાગથી મૂળ સુધી ૩, મધ્યમાના મૂળથી મધ્ય પર્વ સુધી ૨—આમ ૧૨ પર્વ થાય છે. કેટલાક મધ્યમાના બે પર્વને સુમેરુના રૂપે છોડી દઈ ૧૦ સંખ્યા ગણે છે. હાથને હૃદય સાથે રાખી, આંગળીઓ જરા વાંકી રાખી, વસ્ત્રથી હાથ ઢાંકી આ જપ કરવામાં આવે છે. એને કરમાળા કહે છે.

(૨) વર્ણમાળા—

દરેક વર્ણ ઉપર બિંદુ લગાડી જપ કરતા જવાથી વર્ણમાળા બને છે. એમાં અ વર્ગના ૧૬, ક થી પ વર્ગ સુધીના ૨૫, ય થી હ સુધીના ૮ અને પાછો એક લ. આમ ૫૦ સૂલટા અને ૫૦ ઊલટા ક્રમમાં લેવાથી ૧૦૦ થશે. વર્ગના સાનુસ્વાર અગ્રાક્ષરો-ને ગણતરીમાં લેવા. એમાં શવર્ગ પણ ગણવામાં આવ્યોછે. તે મુજબ अं, कं, चं, टं, तं, पं, यं, शं—આમ ૮ ઉમેરવાથી ૧૦૮ ની સંખ્યા પૂરી થાય. क्ष ને સુમેરુ તરીકે ગણવો. કોઈ પણ મંત્ર વર્ણાત્મક હોવાથી માળામાં તેના પ્રતીક તરીકે ૧૦૮ મણકા રાખવામાં આવે છે.

(૩) મણિમાળા—

રુદ્રાક્ષ, તુલસી, શંખ, મોતી, સ્ફટિક, સુવર્ણ, દર્ભમૂલ, અને સુખડ—આટલાથી બનેલી માળા ઉત્કૃષ્ટ ગણાય છે. વૈષ્ણવો માટે તુલસીની, સ્માર્ત, શૈવ અને શાક્તો માટે રુદ્રાક્ષની માળાનું વિધાન છે. દાણાઓ નાનામોટા ન હોવા જોઈએ. બ્રાહ્મણકન્યાએ કાંતેલા સૂતરને ત્રણ ગણું કરી, તેને વળી પાછું ત્રણ ગણું કરવું. દરેક મણકો ગૂંથતી વખતે વર્ણમાળામાં જણાવ્યા મુજબ મંત્ર બોલતા જવું; જેમ કે **ॐ अं नमः, ॐ आं नमः, ॐ इं नमः** વગેરે. વચમાં ગ્રંથિ રાખવી કે નહિ તેમાં વિકલ્પ છે. રાખે તો સારું. મણિ પરોવતી વખતે પોતાનો ઇષ્ટમંત્ર પણ બોલી શકાય. છેવટે બ્રહ્મગ્રન્થિ બાંધી **ॐ क्षं नमः** મંત્રથી મેરુનો મણકો ગૂંથવો. રુદ્રાક્ષની માળા પરોવતી વખતે રુદ્રાક્ષનાં મુખ અને પુચ્છનો ખ્યાલ રાખવો. રુદ્રાક્ષના દાણામાં મુખનો ભાગ ઊંચો હોય છે અને પુચ્છનો ભાગ નીચો હોય છે. મુખની સામે મુખ જ આવે અથવા પુચ્છની સામે પુચ્છ જ આવે તે જોવું.

માળાસંસ્કાર :

શુભ યોગમાં પીપળાના નવ પાન લાવી, મધ્યમાં એક પાંદડું રાખી તેની આજુબાજુ અષ્ટદલાકૃતિથી આ પાંદડાં ગોઠવવાં. વચલા પત્ર ઉપર માલા રાખી '**ॐ अं आं** થી આરંભી **हं क्षं** પર્યંત અભિમંત્રિત કરવી. પછી પંચગવ્યથી નીચેના સદ્યોજાત મંત્રથી માળાનું પ્રક્ષાલન કરવું.

ॐ सद्योजातं प्रपद्यामि सद्योजाताय वै नमो नमः। भवे भवे नाति भवे भजस्व मां भवोद्भवाय नमः।

વામદેવ મંત્રથી ચંદન કે અષ્ટગંધથી માળાને સુગન્ધિત કરવી.

ॐ वामदेवाय नमो ज्येष्ठाय नमः श्रेष्ठाय नमो रुद्राय नमः कलविकरणाय नमो बलविकरणाय नमः। बलाय नमो बलप्रमथनाय नमः सर्वभूतदमनाय नमो मनोन्मनाय नमः।

અઘોર મંત્રથી ધૂપદાન કરવું.

ॐ अघोरेभ्योऽथ घोरेभ्यो घोरघोरतरेभ्यः। सर्वेभ्यः सर्वशर्वेभ्यो नमस्ते अस्तु रुद्ररूपेभ्यः।

તત્પુરુષમંત્રથી ગંધલેપન કરવું.

ॐ तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि तन्नो रुद्रः प्रचोदयात्।

પછી એક એક દાણા ઉપર એક એક વાર નીચેનો ઈશાન મંત્ર બોલવો.

ॐ ईशानः सर्वविद्यानामीश्वरः सर्वभूतानां ब्रह्माधिपति-ब्रह्मणोऽधिपतिर्ब्रह्मा शिवो मे अस्तु सदाशिवोम्।

પછી માળામાં બ્રાહ્મણોએ પ્રતિષ્ઠાવિધિથી પોતાના ઇષ્ટદેવની પ્રતિષ્ઠા કરવી. બીજાઓએ નીચેના મંત્રથી પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી, અક્ષત વધાવી પ્રતિષ્ઠા કરવી.

प्रतिष्ठा सर्वदेवानां मैत्रावरुणनिर्मिता।
प्रतिष्ठां वः करोम्यत्र मालायां देवतैः सह॥

પછી સવિધિ પૂજા કરી પ્રાર્થના કરવી—

माले माले महामाये सर्वतत्त्वस्वरूपिणि।
चतुर्वर्गस्त्वयि न्यस्तस्तस्मान्मे सिद्धिदा भव॥

પછી ૧૦૮ વાર ઇષ્ટમંત્રનો જપ કરવાથી માલા સિદ્ધ થાય છે. શક્તિ હોય તો ૧૦૮ વાર ઘૃતાહુતિ આપવી.

આમ માલાના સંસ્કારથી શીઘ્ર જપસિદ્ધિ થાય છે.

આ સિવાય પણ ઉપાસનાયોગનાં કેટલાંક મુદ્રા વગેરે અંગ-ઉપાંગો છે, જે અમે વિસ્તારભયથી આપ્યાં નથી. એ બદલ પ્રિય પાઠકની અમે ક્ષમા ઇચ્છીએ છીએ. આવા આજના કલિકાળમાં આટલું જ થાય તો પણ બસ છે.

રમણલાલ શાસ્ત્રી

॥ अथ नारायणतन्त्रम् ॥

卐

પ્રયોગ : ૧

બુદ્ધિની વૃદ્ધિ તથા વિશુદ્ધિ માટે

મંત્ર :

भूतैर्महद्भिर्य इमाः पुरो विभु-
        र्निर्माय शेते यदमूषु पूरुषः ।
भुङ्क्ते गुणान् षोडशषोडशात्मकः
        सोऽलंकृषीष्ट भगवान् वचांसि मे ॥

भा. २-४-९

ભાવાર્થ :

જે ભગવાન નારાયણ પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ આમ પંચમહાભૂતોથી પ્રત્યેક શરીર સરજી તેમાં જ ગૂઢસ્વરૂપે વ્યાપક રહે છે, સોળ તત્ત્વવાળા જે ઈશ્વર સોળ ગુણોને ભોગવે છે, તે ભગવાન નારાયણ મારી બુદ્ધિને તથા વાણીને સંસ્કારી અને સુશોભિત કરો.

પ્રયોગવિધિ :

જપ સંખ્યા—૨૮,૦૦૦; દેવતા—નારાયણ; બીજ—ॐ અથવા ह्रीं; મુખ્ય મંત્ર (मूलमन्त्र)—ॐ नमो नारायणाय; યન્ત્ર—श्री नारायणयन्त्रम्.

અનુષ્ઠાનવિધિ :

આ પ્રકરણને છેડે આપેલાં શ્રીનારાયણયંત્ર અને પૂજનવિધિ પ્રમાણે. સામાન્ય પૂજનવિધિ પરિશિષ્ટ નં. ૧ માં બતાવ્યા પ્રમાણે.

પોતાનાં નિત્યકર્મ સમાપ્ત કરી સામે ભગવાન શેષશાયી નારાયણ અથવા ઇષ્ટદેવની મૂર્તિ અથવા ચિત્ર રાખી, પરિશિષ્ટ ૧ માં બતાવ્યા મુજબ પૂજન કરી જપ કરવા. જો તેમ પણ ન બની શકે તો દીપ-ધૂપ કરી ઓછામાં ઓછી ૩ અને વધારેમાં વધારે ૫ માળાનો એકાગ્રતાથી જપ કરવો. જપની શરૂઆતમાં નીચેના શ્લોકથી ધ્યાન કરવું.:

ધ્યાન :

आत्मात्मजाप्तगृहवित्तजनेषु सक्तै-
र्दुष्प्रापणाय गुणसंगविवर्जिताय ॥
मुक्तात्मभिः स्वहृदये परिभाविताय
ज्ञानात्मने भगवते नम ईश्वराय ॥—भा. ८-३-१८

સ્તુતિ :*

જપ કરી રહ્યા બાદ નીચેના શ્લોકથી સ્તુતિ કરી સમર્પણ કરવું.

* આ સ્તુતિશ્લોક નારાયણતંત્રના દરેક પ્રયોગ માટે છે.

निरञ्जनं निरालंबं निर्लेपं निरवग्रहम् ।
नारायणं सदाधारं वन्देऽहं भक्तकामदम् ॥

વિશેષ વક્તવ્ય :

જેમની બુદ્ધિ મંદ હોય, યાદદાસ્ત ન હોય, અથવા જેમની ઇચ્છા પોતાની બુદ્ધિને વધુ સતેજ કરવાની હોય તેમણે આ પ્રયોગ કરવો.

*

પ્રયોગ : ૨

ગંભીર માંદગી તથા પરમ સંકટ દૂર કરવા માટે

શ્રીમદ્દભાગવતમાં કષ્ટ તથા રોગનિવારણ માટે આવા બે પ્રયોગ આપવામાં આવ્યા છે. તેમાં એક શ્રીમદ્દભાગવતના ૬ ઠ્ઠા સ્કંધના ૮ મા અધ્યાયમાં આવેલું નારાયણકવચ, જેનો સ્પષ્ટ નિર્દેશ છે, તે પ્રસિદ્ધ પણ છે, જયારે બીજાનો નીચેના શ્લોકથી નિર્દેશમાત્ર છે :—

निशम्य गद्तामेवमृषीणां धनुषि ध्रुवः ।
सन्दधेऽस्त्रमुपस्पृश्य यन्नारायणनिर्मितम् ॥–भा. ४–११–१

આ નારાયણાસ્ત્ર કયું ? તે સંબંધી અનેક વિદ્વાનો સાથે વિચાર કરતાં કાશીનિવાસી ગો. વા. ગોસ્વામી શ્રી દામોદરલાલજી મહારાજ ષડ્દર્શનાચાર્યે આહ્નિક સૂત્રાવલિમાં આવેલા નારાયણાસ્ત્ર વિષે પોતાનો મત દર્શાવ્યો. તે મુજબ આ નારાયણાસ્ત્રના ઘણા પ્રયોગો ગંભીર માંદગીમાં તથા વિકટમાં વિકટ પરિસ્થિતિમાં અમે કરાવ્યા છે, અને તેમાં

ભગવત્કૃપાથી સફળતા મળી છે. અને તેથી આ પ્રયોગ શ્રીમદ્ભાગવતમાં નિર્દેશાત્મક હોવાથી આ પુસ્તકમાં આપ્યો છે.

વિધિ :

સામાન્ય ચિન્તાજનક સ્થિતિમાં આગલા પ્રયોગમાં બતાવ્યા મુજબ શુદ્ધ થઈ રોજ ૨૮ પાઠ કરવા. તેમાં પહેલો અને છેલ્લો પાઠ સળંગ કરવા, બાકીના ૨૬ મોટા અક્ષરે લખ્યા છે ત્યાં સુધી કરવા. એ અભિમંત્રિત જળ દરદીને આપવું.

ખૂબ જ ચિન્તાજનક સ્થિતિમાં બે બ્રાહ્મણો રોકી પાઠ અખંડિત—રાતદિવસ ચાલુ રહે એમ કરવું. દરદીને દર બે કલાકે અભિમંત્રિત જળ આપવું. પ્રભુકૃપાથી ૨૪ થી ૪૮ કલાકમાં દરદીને આરામ થયાના અનેક દાખલા અમે જોયા છે. દવા સાથે દુવા મળવાથી દવા રસાયણ બનશે.

॥ अथ नारायणास्त्रम् ॥

हरिः ॐ नमो भगवते श्रीनारायणाय नमो नारायणाय विश्वमूर्तये नमः। श्री पुरुषोत्तमाय युष्मद्दृष्टिप्रत्यक्षं वा परोक्षं वा अजीर्णं पञ्चविषूचिकां हन हन। ऐकाहिकं द्व्याहिकं त्र्याहिकं चातुर्थिकं ज्वरं नाशय नाशय। चतुरशीतिवातानष्टादशकुष्टान् अष्टादशक्षयरोगान् हन हन। सर्वदोषान् भञ्जय भञ्जय। तत्सर्वान् नाशय नाशय। शोषय शोषय। आकर्षय आकर्षय। शत्रून्

मारय मारय। उच्चाटयोच्चाटय। विद्वेषय विद्वेषय। स्तंभय स्तंभय। निवारय निवारय। बिघ्नैर्हन हन दह दह मथ मथ विध्वंसय विध्वंसय। चक्रं गृहीत्वा शीघ्रमागच्छागच्छ चक्रेण हत्वा परविद्यां छेदय छेदय भेदय भेदय। चतुरःशीतानि विस्फोटय विस्फोटय। अर्शोवातशूलदृष्टिसर्पसिंहव्याघ्रद्विपदचतुष्पदपदे बाह्यदिवि भुव्यन्तरिक्षे अन्यानपि कांश्चित् तद्‌द्वेषकान्सर्वान् हन हन विद्युन्मेघनदीपर्वताटवीसर्वस्थानरात्रिदिनपन्थाचौरान् वशं कुरु कुरु। अथ मन्त्रः। हरिः ॐ नमो भगवते ह्रीं हुं फट् स्वाहा ठ ठ ठ ठ हृदयादत्ता ॥

एषा विद्या महानाम्नी पुरा दत्ता बिडौजसे।
असुरानेव जित्वा तान् सर्वांश्च बलदानवान्॥
यः पुमान्पठते भक्त्या वैष्णवो नियतात्मना।
तस्य सर्वाणि हिंसन्ति यत्र दृष्टिगतं विषम्॥
अन्यदेहविषं चैव न देहे संक्रमेत् ध्रुवम्।
सङ्ग्रामे धारयत्यङ्गे स शत्रून् जयति क्षणात्॥
अतः सद्योजयस्तस्य विघ्नस्तस्य न जायते।
किमत्र बहुनोक्तेन सर्वसौभाग्यसंपदः॥
लभते नात्र सन्देहो नान्यथा च भवेदिति।
गृहीतो यदि वा येन बलिना विविधैरपि॥
शीतं समुष्णतां याति चोष्णं शीतलतां व्रजेत्।
नान्यथा भवते विद्या यः पठेत्कथितं मया॥

भूर्जपत्रे लिखेन्मन्त्रं गोरोचनजलेन च ।
इमां विद्यां करे बध्वा सर्वरक्षां करोतु मे ॥

पुरुषस्याथवा स्त्रीणां हस्ते बध्वा विचक्षणः ।
विद्रवन्ति च विघ्नानि न भवन्ति कदाचन ॥

न भयं तस्य कुर्वन्ति गगने भास्करादयः ।
भूतप्रेतपिशाचाश्च ग्रामग्राहितडाकिनी ॥

शाकिनी तु महाघोरा वेतालाश्च महाबलाः ।
राक्षसाश्च महारौद्रा दानवा बलिनो हि ये ॥

असुराश्च सुराश्चैव अष्टयोनिश्च देवताः ।
सर्वत्र स्तम्भिताः तिष्ठेन्मन्त्रोच्चारणमात्रतः ॥

सर्वहत्याः प्रणश्यन्ति सर्वं फलति नित्यशः ॥
सर्वे रोगा बिनश्यन्ति विघ्नस्तस्य न बाधते ॥

उच्चाटनेऽपराह्णे तु सन्ध्यायां मारणे तथा ।
शान्तिके चार्धरात्रे तु ततोऽर्थः सर्वकर्मकः ॥

इदं मन्त्ररहस्यं च नारायणास्त्रमेव च ।
त्रिकालं जपते नित्यं जयं प्राप्नोति मानवः ॥

आयुरारोग्यमैश्वर्यं ज्ञानं विद्यां पराक्रमम् ।
चिन्तितार्थसुखप्राप्तिं लभते नात्र संशयः ॥

આનો વિશેષ પ્રયોગ કરવાની ઇચ્છાવાળાએ આ પ્રકરણને છેડે આપેલા નારાયણ યંત્રપૂજન સાથે કોઈ વિદ્વાન બ્રાહ્મણ દ્વારા આ પ્રયોગ કરાવવો.

*

પ્રયોગ : ૩

અન્નના વિશેષ ઉત્પાદન માટે

મંત્ર

इति प्रियं हितं वाक्यं भुव आदाय भूपतिः ।
वत्सं कृत्वा मनुं पाणावदुहत् सकलौषधीः ॥
—भा. ४-१८-१०

આ પ્રમાણે પૃથુ રાજાએ પૃથ્વીદેવીનું પ્રિય અને હિતકારક વચન સાંભળી, મનુને (આદિમાનવને) વત્સ તરીકે કલ્પી પોતાના હાથરૂપી પાત્રમાં (શ્રમયજ્ઞથી) સર્વ અન્નનું દોહન કર્યું.

પ્રયોગ તથા પૂજનવિધિ : નં. ૧ માં બતાવ્યા મુજબ.

સ્તુતિશ્લોક :

सर्गादि योऽस्यानुरुणद्धि शक्तिभि-
र्द्रव्यक्रियाकारकचेतनात्मभिः ॥
तस्मै समुन्नद्धनिरुद्धशक्तये
नमः परस्मै पुरुषाय वेधसे ॥

વિશેષ વક્તવ્ય :

આ પ્રયોગ ખેડૂતો, નર્સરીના માલિકો તથા અન્નના વ્યાપારીવર્ગને લાભદાયી થશે.×

× यद् विश्रुतिः श्रुतिनुतेदमलं पुनाति
पादावनेजनपयश्च वचश्च शास्त्रम् ।
भूः कालमर्जितभगाविपदङ्घ्रिपद्म-
स्पर्शोत्थशक्तिरभिवर्षति नोऽखिलार्थान् ॥

આ મન્ત્ર પણ અન્નના વિશેષ ઉત્પાદન માટેનો છે. અમદાવાદના

પ્રયોગ : ૪

યોગક્ષેમ માટે

जितं त आत्मविद्धुर्य स्वस्तये स्वस्तिरस्तु मे।
भवता राधसा राद्धं सर्वस्मा आत्मने नमः॥

—भा. ४-२४-३३

હે આત્મવેત્તાઓમાં શ્રેષ્ઠ અંતર્યામી ભગવન્, જગત્કલ્યાણ સાથે મારું કલ્યાણ થાઓ. આપનાં ઓજસ્થી સર્વ પ્રકાશે છે. આપ સર્વાન્તર્યામીને મારા નમસ્કાર હો.

પ્રયોગ વિધિ : નં. ૧ માં બતાવ્યા પ્રમાણે.

સ્તુતિ : दर्शनं नो दिदृक्षूणां देहि भागवतार्चितम्।
रूपं प्रियतमं स्वानां सर्वेन्द्रियगुणाञ्जनम्॥

વિશેષ : વિશ્વકલ્યાણમાં આત્મકલ્યાણ માનનારાઓ માટે આ પ્રયોગ સુંદર છે. ભગવાનની દર્શનપ્રાપ્તિ માટે સ્તુતિશ્લોકનું પણ અનુષ્ઠાન કરી શકાય.

સુપ્રસિદ્ધ જ્યોતિષી શ્રી ગિરિજાશંકરભાઈએ એનો અમને નિર્દેશ કર્યો છે. શ્રીમદ્ભાગવતના પરમ ઉપાસક પં. શ્રી. બાલાપ્રસાદજી અન્નના વિશેષ ઉત્પાદન માટે ખેતરમાં બીજારોપણ કરી આ મંત્રનું અભિમંત્રિત જળ ખેતરમાં છંટાવતા અથવા એમ કરવાનો આદેશ આપતા અને તેથી ધાન્યવૃદ્ધિ અવશ્ય થતી.

પ્રયોગ : ૫

સત્ત્વાપત્તિ (આત્મદર્શન અને અખૂટ શાન્તિ) માટે

મંત્ર :

ॐ नमो भगवते उपशमशीलायोपरतानात्म्याय नमोऽकिञ्चनवित्ताय ऋषिऋषभाय नरनारायणाय परमहंसगुरवे आत्मारामाधिपतये नमो नमः ॥

શાન્તિરૂપ શીલથી દુર્વૃત્તિઓને દૂર કરનાર, નિર્ધનોના ધનસ્વરૂપ, ઋષિશ્રેષ્ઠ, પરમહંસોના પણ ગુરુ, નિજાનન્દમાં મસ્ત રહેનાર, મુનિઓના અધિપતિ, ભગવાન નર–નારાયણને અમારા સાષ્ટાંગ નમસ્કાર હો.

પ્રયોગ વિધિ : નં. ૧ માં બતાવ્યા પ્રમાણે.

સ્તુતિ શ્લોક :

तस्माद् भवन्तमनवद्यमनंतपारं
सर्वज्ञमीश्वरमकुण्ठविकुण्ठधिष्ण्यम् ।
निर्विण्णधीरहमुह वृजिनाभितप्तो
नारायणं नरसखं शरणं प्रपद्ये ॥

વિશેષ વક્તવ્ય :

શ્રીમદ્ભાગવતના પંચમ સ્કંધ, ષષ્ઠ સ્કંધ તથા દ્વાદશ સ્કંધના સ્તુતિભાગમાં આવા ગદ્યમન્ત્રોની રત્નકણિકાઓ પડેલી છે. આ મંત્ર સાધુ–મહાત્માઓને વિશેષ ફલદાયી નીવડશે એવી અમારી શ્રદ્ધા છે. સ્તુતિશ્લોકનું પણ અનુષ્ઠાન કરી શકાશે.

પ્રયોગ : ૬

વ્યાપક બ્રહ્મોપાસના

મંત્ર :

यत्तत्कर्ममयं लिङ्गं ब्रह्मलिङ्गं जनोऽर्चयेत् ।
एकान्तमद्वयं शान्तं तस्मै भगवते नमः ॥ भा. ५-२०-३३

જે સ્વયં કર્મરહિત હોવા છતાં, વ્યાપક હોવાથી સમગ્ર વિશ્વમાં કર્મમય છે, તે એકાન્ત અદ્વય અને શાન્ત બ્રહ્મસ્વરૂપ ભગવાનને અમારાં વંદન હો.

પ્રયોગ વિધિ: નં. ૧ માં બતાવ્યા પ્રમાણે.

સ્તુતિ શ્લોક :

तमक्षरं ब्रह्म परं परेश-
मव्यक्तमाध्यात्मिकयोगगम्यम् ।
अतीन्द्रियं सूक्ष्ममिवातिदूर-
मनन्तमाद्यं परिपूर्णमीडे ॥ भा. ८-२-२१

વિશેષ વક્તવ્ય :

આત્મદર્શન અને બ્રહ્મદર્શનની ઇચ્છાવાળાઓ માટે આ પ્રયોગ સુંદર છે.

*

પ્રયોગ : ૭

પાપનિવૃત્તિપૂર્વક મનોરથસિદ્ધિ માટે

મંત્ર

यः प्राकृतैर्ज्ञानपथैर्जनानां
यथाशयं देहगतो विभाति।
यथानिलः पार्थिवमाश्रितो गुणं
स ईश्वरो मे कुरुतान्मनोरथम् ॥

भा. ३-४-३५

જેવી રીતે વાયુ પ્રત્યેક પદાર્થમાં વ્યાપકસ્વરૂપે રહેલો છે તેવી રીતે જે પ્રભુ પ્રત્યેક દેહના અંતરમાં બિરાજી સ્વાભાવિક જ્ઞાનમાર્ગથી જણાય છે, તે ભગવાન મારા મનોરથ પૂર્ણ કરો.

પ્રયોગવિધિ : નં. ૧ માં જણાવ્યા મુજબ.

સ્તુતિ :

स वै ममाशेषविशेषमाया-
निषेधनिर्वाणसुखानुभूतिः।
स सर्वनामा स च विश्वरूपः
प्रसीदतामनिरुक्तात्मशक्तिः ॥ भा. ६-४-२८

વિશેષ વક્તવ્ય :

જ્યારે આપણી ઇચ્છાઓ પાર પડતી ન હોય, ત્યારે આ અનુષ્ઠાન કરવાથી ભગવત્કૃપાથી મનોરથ સફળ થશે.

*

પ્રયોગ : ૮

સત્ત્વશુદ્ધિ માટે

મંત્ર :

ॐ नमो नारायणाय पुरुषाय महात्मने
विशुद्धसत्त्वधिष्ण्याय महाहंसाय धीमहि ॥
भा. ६-४-९६

પ્રત્યેક દેહમાં વ્યાપક, શુદ્ધ આત્મા જેમનું નિવાસસ્થાન છે એવા, મહાહંસ પરમાત્મા ભગવાન નારાયણને અમે નમસ્કાર કરીએ છીએ અને (આત્મશુદ્ધિ માટે) તેમનું ધ્યાન ધરીએ છીએ.

પ્રયોગવિધિ : નં. ૧ માં જણાવ્યા મુજબ.

સ્તુતિ :

यदोपरामो मनसो नामरूप-
रूपस्य दृष्टस्मृतिसंप्रमोषात् ।
य ईयते केवलया स्वसंस्थया
हंसाय तस्मै शुचिसद्मने नमः ॥ भा. ६-४-२६

વિશેષ વક્તવ્ય :

આ પ્રયોગ આત્મશુદ્ધિપૂર્વક અન્તઃકરણની પ્રસન્નતા માટે તથા અન્તઃસ્થિત પરમાત્મદર્શન માટે ઉપયોગી છે.

*

પ્રયોગ : ૯

સર્વાપત્તિ વિનાશક, મહારોગ નિવારક, ભૂતાદિ બાધા દૂર કરનાર નારાયણ કવચ

ॐ हरिर्विदध्यान्ममसर्वरक्षां न्यस्तांघ्रिपद्मः पतगेन्द्रपृष्ठे ।
दरारिचर्मासिगदेषुचापपाशान् दधानोऽष्टगुणोऽष्टबाहुः ॥

जलेषु मां रक्षतु मत्स्यमूर्तिर्यादोगणेभ्यो वरुणस्य पाशात् ।
स्थलेषु मायाबटुवामनोऽव्यात् त्रिविक्रमः खेऽवतु विश्वरूपः ॥

दुर्गेष्वटव्याजिमुखादिषु प्रभुः पायान्नृसिंहोऽसुरयूथपारिः ।
विमुञ्चतो यस्य महाट्टहासं दिशो विनेदुर्न्यपतंश्च गर्भाः ॥

रक्षत्वसौ माध्वनि यज्ञकल्पः स्वदंष्ट्रयोन्नीतधरो वराहः ।
रामोऽद्रिकूटेष्वथ विप्रवासे सलक्ष्मणोऽव्याद् भरताग्रजोऽस्मान् ॥

मामुग्रधर्मादखिलात्प्रमादान्नारायणः पातु नरश्च हासात् ।
दत्तस्त्वयोगादथ योगनाथः पायाद्गुणेशः कपिलः कर्मबन्धात् ॥

सनत्कुमारोऽवतु कामदेवात् हयशीर्षा मां पथि देवहेलनात् ।
देवर्षिवर्यः पुरुषार्चनान्तरात् कूर्मो हरिर्मां निरयादशेषात् ॥

धन्वन्तरिर्भगवान् पात्वपथ्यात् द्वन्द्वाद्भयादृषभो निर्जितात्मा ।
यज्ञश्च लोकादवताज्जनान्ताद्बलो गणात् क्रोधवशादहींद्रः ॥

द्वैपायनो भगवानप्रबोधात् बुद्धस्तु पाखंडगणात् प्रमादात् ।
कल्किः कलेः कालमलात्प्रपातु धर्मावनायोरुकृतावतारः ॥

मां केशवो गदया प्रातरव्यात् गोविन्द आसंगवमात्तवेणुः ।
नारायणः प्राह्ण उदात्तशक्तिर्मध्यंदिने विष्णुररींद्रपाणिः ॥

देवोऽपराह्णे मधुहोग्रधन्वा सायं त्रिधामाऽवतु माधवो माम् ।
दोषे हृषीकेश उतार्धरात्रे निशीथ एकोऽवतु पद्मनाभः ॥

श्रीवत्सधामाऽपररात्र ईशः प्रत्यूष ईशोऽसिधरो जनार्दनः ।
दामोदरोऽव्यादनुसन्ध्यं प्रभाते विश्वेश्वरो भगवान् कालमूर्तिः ॥

चक्रं युगान्तानलतिग्मनेमिः भ्रमत्समंतात् भगवत्प्रयुक्तम् ।
दंदग्धि दंदग्ध्यरिसैन्यमाशु कक्षं यथा वातसखो हुताशः ॥

गदेऽशनिस्पर्शनविस्फुलिंगे निष्पिण्ढि निष्पिंढ्यजितप्रियासि ।
कुष्माण्डवैनायकयक्षरक्षो भूतग्रहांश्चूर्णय चूर्णयारीन् ॥

त्वं यातुधानप्रमथप्रेतमातृपिशाचविप्रग्रहघोरदृष्टीन् ।
दरेन्द्र विद्रावय कृष्णपूरितो भीमस्वनोऽरेर्हृदयानि कम्पयन् ॥

त्वां तिग्मधारासिवरारिसैन्यमीशप्रयुक्तो मम छिन्धि छिन्धि ।
चक्षूंषि चर्मञ्छतचन्द्र छादय द्विषामघोनां हर पापचक्षुषाम् ॥

यन्नो भयं ग्रहेभ्योऽभूत् केतुभ्यो नृभ्य एव च ।
सरीसृपेभ्यो दंष्ट्रिभ्यो भूतेभ्योंऽहोभ्य एव वा ॥

सर्वाण्येतानि भगवन्नामरूपास्त्रकीर्तनात् ।
प्रयान्तु संक्षयं सद्यो ये नः श्रेयःप्रतीपकाः ॥

गरुडो भगवान् स्तोत्रस्तोभश्छन्दोमयः प्रभुः ।
रक्षत्वशेषकृच्छ्रेभ्यो विष्वक्सेनः स्वनामभिः ॥

सर्वापद्भ्यो हरेर्नाम रूपयानायुधानि नः ।
बुद्धीन्द्रियमनः प्राणान् पान्तु पार्षदभूषणाः ॥

तथा हि भगवानेव वस्तुतः सदसच्च यत् ।
सत्येनानेन नः सर्वे यान्तु नाशमुपद्रवाः ॥

यथैकात्म्यानुभावानां विकल्परहितः स्वयम् ।
भूषणायुधलिङ्गाख्या धत्ते शक्तीः स्वमायया ॥

तेनैव सत्यमानेन सर्वज्ञो भगवान् हरिः ।
पातु सर्वैः स्वरूपैर्नः सदा सर्वत्र सर्वगः ॥
विदिक्षु दिक्षूर्ध्वमधः समन्ताद्न्तर्बहिर्भगवान्नारसिंहः।
प्रहापयँल्लोकभयं स्वनेन स्वतेजसा ग्रस्तसमस्ततेजाः ॥

પ્રયોગ વિધિ :

આ પ્રયોગનો વિધિ શ્રીમદ્ભગવત નીચે પ્રમાણે આપે છે. પ્રથમ સ્નાનાદિથી પવિત્ર થઈ હાથમાં દર્ભ રાખી, ઉત્તર તરફ મુખ રાખી, મૌન ધારણ કરી આચમન કરવું

ॐ અથવા ह्रीं केशवाय नमः स्वाहा
,, नारायणाय नमः स्वाहा
,, माधवाय नमः स्वाहा

નીચે પ્રમાણે બોલી હાથ ધોવા.

ॐ અથવા ह्रीं गोविन्दाय नमः स्वाहा।

ગાયત્રી મંત્રથી અથવા ॐ नमः भगवते वासुदेवाय (૧૨ વખત) મંત્રથી પ્રાણાયામ કરવા. પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો. मम अमुकरोगपीडानिवृत्त्यर्थं सर्वापत्ति-निवारणार्थं श्रीपरमेश्वरप्रीत्यर्थं नारायणकवचपाठं करिष्ये । પછી નીચે પ્રમાણે ન્યાસ કરવા.

(૧) ॐ नमः नारायणाय इति पादयोः જમણા હાથે બંને પગના અંગૂઠાને સ્પર્શ કરવો

,,	जान्वोः	બંને ઘૂંટણને	,,
,,	ऊर्वोः	,, જાંઘોને	,,
,,	उदरे	પેટને	,,
,,	हृदये	હૃદયને	,,

,, उरसि છાતીને ,,
,, मुखे મુખને ,,
,, शिरसि મસ્તકને ,,

(૨) ॐ नमः दक्षिणतर्जन्याम् જમણા હાથના અંગૂઠાથી પહેલી આંગળીને સ્પર્શ કરવો
नं नमः ,, मध्यमायाम् બીજી ,, ,, ,,
मों नमः ,, अनामिकायाम् ત્રીજી ,, ,, ,,
भं नमः ,, कनिष्ठाकायाम् ચોથી ,, ,, ,,
गं नमः वामतर्जन्याम् ડાબા અંગૂઠાથી પહેલી આંગળીને ,,
वं नमः ,, मध्यमायाम् ,, બીજી ,, ,,
तें नमः ,, अनामिकायाम् ,, ત્રીજી ,, ,,
वां नमः ,, कनिष्ठिकायाम् ,, ચોથી ,, ,,
सु नमः दक्षिणांगुष्ठमूले જમણા હાથની પહેલી આંગળીથી અંગૂઠાના મૂળને ,,
दें नमः दक्षिणांगुष्ठाग्रे ,, અગ્રભાગને ,,
वां नमः वामांगुष्ठमूले ડાબા હાથની પહેલી આંગળીથી ડાબા અંગૂઠાના મૂળને ,,
यं नमः वामाङ्गुष्ठाग्रे ,, અગ્રભાગને ,,

(૩) ॐकारं हृदये न्यसामि જમણા હાથથી હૃદયને સ્પર્શ કરવો
विकारं शिरसि न्यसामि ,, મસ્તકને ,,
षकारं भ्रुवोर्न्यसामि ,, બે ભમરને ,,
णकारं शिखायां न्यसामि ,, શિખાને ,,
वेकारं नेत्रयोर्न्यसामि ,, બંને નેત્રને ,,
नकारं सर्वसन्धिषु न्यसामि ,, બધી સન્ધિને ,,
मकारं सर्वदिक्षु न्यसामि સર્વ દિશામાં હાથ ફેરવી તાળી વગાડવી

ધ્યાન :

उद्यत्कोटिदिवाकराभमनिशं शंखं गदां पङ्कजं
चक्रं बिभ्रतमिन्दिरावसुमती शंसामि पार्श्वद्वयम् ॥
केयूरांगदहारकौस्तुभधरं पीतांबरं कौस्तुभो-
द्दीप्तं विश्वधरं स्ववक्षसि लसच्छ्रीवत्सचिह्नं भजे ॥

—मं. म. पृ. १२५, विष्णुतन्त्रे

અથવા

यो नः सपत्नैर्भृशमर्द्यमानान्
देवर्षितिर्यङ्नृषु नित्य एव ।
कृतावतारस्तनुभिः स्वमायया
कृत्वात्मसात्पाति युगे युगे च ॥
तमेव देवं वयमात्मदैवतं
परं प्रधानं पुरुषं विश्वमन्यम् ।
व्रजाम सर्वे शरणं शरण्यं
स्वानां स नो धास्यति शं महात्मा ।

વિશેષ વક્તવ્ય :

આ નારાયણ કવચ તેમ જ શ્રીમદાચાર્યચરણે રચેલું સુદર્શન કવચ એ બન્ને વૈષ્ણવોની સંકટસમયની સાંકળ છે. ગંભીર માંદગીમાં અથવા એવા જ સંકટના સમયમાં આ કવચના ૨૮ પાઠ હિતાવહ છે. અનુષ્ઠાન કરવા માટે વિદ્વાન બ્રાહ્મણ પાસે ઉચ્ચારશુદ્ધિ કરી લેવી અને તેની સલાહ મુજબ અનુષ્ઠાન કરવું. અનુષ્ઠાનમાં પાઠસંખ્યા અયુત (૧૦,૦૦૦)ની રાખવી, જપસંખ્યા ॐ नमो नारायणाय આ મંત્રની સવા લાખની રાખવી. મહાપ્રયોગ કરવાની ઈચ્છા-

વાળાએ આ પ્રકરણને છેડે આપેલા પ્રયોગ મુજબ નારાયણ-યંત્રનું પૂજન–અર્ચનાદિ કરવું.

આ તો મહાપ્રયોગની વાત થઈ. નિત્યપાઠ માટે આ પ્રયોગમાં જણાવ્યા મુજબ સંકલ્પ, ન્યાસ, ધ્યાન વગેરે કરવાં. છેલ્લે નીચે જણાવ્યા પ્રમાણે સંકલ્પમુક્તિ કરવી.

अनेन श्रीनारायणकवचपाठाख्येन कर्मणा भगवान् नारायणः प्रीयताम् न मम ।

નીચે જણાવેલા મંત્રથી પણ નારાયણકવચનું સંપુટીકરણ કરી, એક અથવા ત્રણ પાઠ ૨૮ દિવસ સુધી રોજ કરવાથી પણ રોગમુક્તિ થાય છે, એવો અમારો અનુભવ છે.

तेनैव सत्यमानेन सर्वज्ञो भगवान् हरिः ।
पातु सर्वैः स्वरूपैर्नः सदा सर्वत्र सर्वगः ॥

પ્રયોગ : ૧૦

મૃત્યુબાધાનિવારક મૃત્યુંજય સ્તોત્ર

ॐ नमो भगवते तस्मै यत एतच्चिदात्मकम् ।
पुरुषायादिबीजाय परेशायाभिधीमहि ॥

यस्मिन्निदं यतश्चेदं येनेदं य इदं स्वयम् ।
योऽस्मात्परस्माच्च परः तं प्रपद्ये स्वयंभुवम् ॥

यः स्वात्मनीदं निजमाययार्पितं क्वचिद्विभातं क्वचतत्तिरोहितम् ।
अविद्धदृक्साक्ष्युभयं तदीक्षते स आत्ममूलोऽवतु मां परात्परः ॥

कालेन पञ्चत्वमितेषु कृत्स्नशो लोकेषु पालेषु च सर्वहेतुषु ।
तमस्तदासीद् गहनं गभीरं यस्तस्य पारेऽभिविराजते विभुः ॥

न यस्य देवा ऋषयः पदं विदुर्जन्तुः पुनः कोऽर्हति गन्तुमीरितुम् ।
यथा नटस्याकृतिभिर्विचेष्टतो दुरत्ययानुक्रमणः स माऽवतु ॥
दिदृक्षवो यस्य पदं सुमङ्गलं विमुक्तसंगा मुनयः सुसाधवः ।
चरन्त्यलोकव्रतमव्रणं वने भूतात्मभूताः सुहृदः स मे गतिः ॥
न विद्यते यस्य च जन्म कर्म वा न नामरुपे गुणदोष एव वा ।
तथापि लोकाप्ययसंभवाय यः स्वमायया तान्यनुकालमृच्छति॥

तस्मै नमः परेशाय ब्रह्मणेऽनंतशक्तये ।
अरूपायोरुरुपाय नम आश्चर्यकर्मणे ॥
नम आत्मप्रदीपाय साक्षिणे परमात्मने ।
नमो गिरां विदूराय मनसश्चेतसामपि ॥
सत्त्वेन प्रतिलभ्याय नैष्कर्म्येण विपश्चिता ।
नमः कैवल्यनाथाय निर्वाणसुखसंविदे ॥
नमः शान्ताय घोराय मूढाय गुणधर्मिणे ।
निर्विशेषाय साम्याय नमो ज्ञानघनाय च ॥
क्षेत्रज्ञाय नमस्तुभ्यं सर्वाध्यक्षाय साक्षिणे ।
पुरुषायात्ममूलाय मूलप्रकृतये नमः ॥
सर्वेन्द्रियगुणद्रष्ट्रे सर्वप्रत्ययहेतवे ।
असताच्छाययोक्ताय सदाभासाय ते नमः ॥

नमो नमस्तेऽखिलकारणाय निष्कारणायाद्भुतकारणाय ।
सर्वागमाम्नाय महार्णवाय नमोऽपवर्गाय परायणाय ॥
गुणारणिच्छन्नचिदुष्मपाय तत्क्षोभविस्फूर्जितमानसाय ।
नैष्कर्म्यभावेन विवर्जितागमस्वयंप्रकाशाय नमस्करोमि ॥

मादृक्प्रपन्नपशुपाशविमोक्षणाय
मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय ।
स्वांशेन सर्वतनुभृन्मनसिप्रतीत–
प्रत्यग्दृशे भगवते बृहते नमस्ते ॥

आत्मात्मजाप्तगृहवित्तजनेषु सक्तै-
दुष्प्रापणाय गुणसंगविवर्जिताय ॥
मुक्तात्मभिः स्वहृदये परिभाविताय ।
ज्ञानात्मने भगवते नम ईश्वराय ॥

यं धर्मकामार्थविमुक्तिकामा भजन्त इष्टां गतिमाप्नुवन्ति ।
किं त्वाशिषो रात्यपि देहमव्ययं करोतु मेऽदभ्रदयो विमोक्षणम् ॥

एकान्तिनो यस्य न कंचनार्थं वांछन्ति ये वै भगवत्प्रपन्नाः ।
अत्यद्भुतं तच्चरितं सुमङ्गलं गायन्त आनन्दसमुद्रमग्नाः ॥

तमक्षरं ब्रह्म परं परेशमव्यक्तमाध्यात्मिकयोगगम्यम् ।
अतीन्द्रियं सूक्ष्ममिवातिदूरमनन्तमाद्यं परिपूर्णमीडे ॥

यस्य ब्रह्मादयो देवा वेदा लोकाश्चराचराः ।
नामरूपविभेदेन फल्व्या च कलया कृताः ॥

यथार्चिषोऽग्नेः सवितुर्गभस्तयो निर्यान्ति संयान्त्यसकृत्स्वरोचिषः
तथा यतोऽयं गुणसंप्रवाहो बुद्धिर्मनः खानि शरीरसर्गाः ॥

स वै न देवासुरमर्त्यतिर्यङ् न स्त्री न षंढो न पुमान् न जन्तुः ।
नायं गुणः कर्म न सन्न चासन्निषेधशेषो जयतादशेषः ॥

जिजीविषे नाहमिहामुया किमन्तर्बहिश्चावृतयेभयोन्या ।
इच्छामि कालेन न यस्य विप्लवस्तस्यात्मलोकावरणस्य मोक्षम् ॥

सोऽहं विश्वसृजं विश्वमविश्वं विश्ववेदसम् ।
विश्वात्मानमजं ब्रह्म प्रणतोऽस्मि परं पदम् ॥

योगरन्धितकर्माणो हृदि योगविभाविते ।
योगिनो यं प्रपश्यन्ति योगेशं तं नतोऽस्म्यहम् ॥

नमो नमस्तुभ्यमसह्यवेगशक्तित्रयायाखिलधीगुणाय ।
प्रपन्नपालाय दुरन्तशक्तये कदिन्द्रियाणामनवाप्यवर्त्मने ॥

नायं वेद स्वमात्मानं यच्छक्त्याऽहंधिया हतम् ।
तं दुरत्ययमाहात्म्यं भगवन्तमितोऽस्म्यहम् ॥
भा. ८-३-२-२९

વિધિ : નં ૧ માં જણાવ્યા પ્રમાણે.

વિશેષ વક્તવ્ય :

આ મૃત્યુંજયસ્તોત્ર હોવાથી શ્રી નારાયણકવચ કે નારાયણાસ્ત્ર જેટલી જ એની મહત્તા છે. ગજેન્દ્રને મૃત્યુ-મુખથી બચાવી અંતકાલે ભગવાનનું દર્શન કરાવનાર આ સ્તોત્ર છે. ગંભીર માંદગીના પ્રસંગે ૨૮ દિવસ સુધી નીચેના શ્લોકથી સંપુટીકરણ કરેલા ઉપરના સ્તોત્રના રોજ ૩ થી ૮ પાઠ કરવાથી પ્રભુકૃપાથી અવશ્ય આરામ થાય છે, એવો અમારો અનુભવ છે.

मादृक्प्रपन्नपशुपाशविमोक्षणाय
मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय ।
स्वांशेन सर्वतनुभृन्मनसि प्रतीत-
प्रत्यग्दृशे भगवते बृहते नमस्ते ॥

પ્રયોગ : ૧૧

અહંકારશાન્તિ માટે

મંત્ર :

ॐ नमो भगवते महापुरुषाय सर्वगुणसंख्यानाया-
नन्तायाव्यक्ताय नमः ॥

અમે સર્વ ગુણો જેમાં રહ્યા છે એવા અથવા સર્વ ગુણ સમુદાય આણી આપનાર અનન્ત અને ન જણાય

એવા મહાપુરુષ (પરમાત્મા) ભગવાનને વંદન કરીએ છીએ.
વિધિ : નં ૧ માં જણાવ્યા પ્રમાણે.

સ્તુતિ :

यन्निर्मितां कर्ह्यपि कर्मपर्वणीं मायां जनोऽयं गुणसर्गमोहितः।
न वेद निस्तारणयोगमञ्जसा तस्मै नमस्ते विलयोदयात्मने॥

વિશેષ વક્તવ્ય :

મન, બુદ્ધિ ચિત્ત અને અહંકાર એ ચારેયને અંતઃકરણચતુષ્ટય કહે છે. એ ચારેયને વશ કરવા માટે જીવનમાં ભગીરથ પ્રયત્નની જરૂર છે. તેમાં અહંકારના અધિષ્ઠાતા દેવ સંકર્ષણ છે. તેની ઉપાસનાથી અહંકાર-શાન્તિ થાય છે.

*

પ્રયોગ : ૧૨

આત્મશુદ્ધિ માટે હયશીર્ષોપાસના

મંત્ર :

ॐ नमो भगवते धर्मायात्मविशोधनाय नमः ॥

અમે આત્મસંશોધન કરાવનાર ધર્મસ્વરૂપ ભગવાન નારાયણના હયગ્રીવ સ્વરૂપને વંદન કરીએ છીએ.
વિધિ : નં ૧ માં જણાવ્યા મુજબ.

સ્તુતિ :

वेदान् युगान्ते तमसा तिरस्कृतान् रसातलाद्यो नृतुरङ्गविग्रहः।
प्रत्याददे वै कवयेऽभियाचते तस्मै नमस्तेऽवितथेहिताय ॥

વિશેષ વક્તવ્ય :

વેદોદ્ધારનું મહત્કાર્ય ભગવાન નારાયણે હયગ્રીવ અવતાર લઈને કર્યું. યુગાન્તે નષ્ટ થયેલ વેદરાશિને લાવી બ્રહ્મદેવને આપ્યો અને આત્મશોધનનો માર્ગ બતાવ્યો. આત્મશુદ્ધિ માટે આ ઉપાસના સુંદર છે.

*

પ્રયોગ : ૧૩

દાંપત્યપ્રીતિ તથા કામશાન્તિ માટે હૃષીકેશોપાસના

મંત્ર :

ॐ ह्रां ह्रीं ह्रूं ॐ नमो भगवते हृषीकेशाय सर्वगुण-विशेषैर्विलक्षितात्मने आकूतीनां चित्तीनां चेतसां विशेषाणां चाधिपतये षोडशकलाय छन्दोमयायान्नमयायामृत-मयाय सर्वमयाय सहसे ओजसे बलाय कान्ताय कामाय नमस्ते उभयत्र भूयात्। भा. ५-१८-१८

અમે, સર્વ સદ્‌ગુણસમુદાયથી જેમનું સ્વરૂપ ઓળખી શકાય એવા, જડ અને ચૈતન્યના સ્વામી, સોળ કળાવાળા વેદ, અન્ન, અમૃત વગેરેથી પૂર્ણ, માટે સર્વમય, આત્મશક્તિ, ઇન્દ્રિયશક્તિ અને દેહશક્તિ સ્વરૂપ, સુંદર કામદેવ સ્વરૂપે રહેલા હે ઇન્દ્રિયાધિપતિ ભગવન્, આપને અમે બન્નેથી—દેહ અને આત્માથી—નમન કરીએ છીએ.

વિધિ : નં. ૧ માં જણાવ્યા મુજબ.

સ્તુતિ :

આ અંગે ભા. ૫–૧૮–૧૯ થી ૨૩ એમ પાંચ શ્લોક સ્તુતિના છે, તે પૈકી એક આપીએ છીએ.

**स वै पतिः स्यादकुतोभयः स्वयं समन्ततः पाति भयातुरं जनम् ।
स एक एवेतरथा मिथो भयं नैवात्मलाभादधिमन्यते परम् ॥**

વિશેષ વક્તવ્ય :

આ પ્રયોગમાં બે પ્રકારની વિશિષ્ટતા છે. સંવર્ધિત વાસનાને શાન્ત કરવાની અને પરસ્પર વિચ્છિન્ન થયેલા દામ્પત્ય પ્રેમને સાંધી એ પ્રેમને ચિરસ્થાયી કરવાની. વૃદ્ધાવસ્થામાં પણ માણસને વાસના ખૂબ સતાવે છે, તેની શાન્તિ માટે આ અનુભૂત પ્રયોગ છે. કોઈ કારણસર પતિ–પત્ની વચ્ચે મેળ ન ખાતો હોય તો તેની સન્ધિ માટે પણ આ પ્રયોગથી સફળતા મળી છે. માત્ર શરત એટલી કે નિયમનું પાલન કરી શ્રદ્ધાપૂર્વક જાતે જ અનુષ્ઠાન કરવું.

*

પ્રયોગ : ૧૪

આત્મશક્તિ, ઇન્દ્રિયશક્તિ અને દેહશક્તિ માટે

મંત્ર :

ॐ नमो भगवते मुख्यतमाय नमः सत्त्वाय प्राणायौजसे सहसे बलाय महामत्स्याय नमः । भा. ५–१८–२५

વિધિ : નં. ૧ માં જણાવ્યા પ્રમાણે.

સ્તુતિ :

શ્રીમદ્ ભાગવતે ૫–૧૯–૨૬ થી ૨૮ એમ ત્રણ શ્લોકથી સ્તુતિ આપી છે. એમાંનો એક શ્લોક આપીએ છીએ.

भवान् युगान्तार्णव ऊर्मिमालिनि-
क्षोणीमिमामोषधिवीरुधां निधिम् ।
मया सहोरुक्रम तेज ओजसा
तस्मै जगत्प्राणगणात्मने नमः ॥

વિશેષ વક્તવ્ય :

શ્રીમદ્ભાગવતના અષ્ટમ સ્કંધના ૨૪ મા અધ્યાયમાં કૃતમાલા નદીના કાંઠા ઉપર રહેલા રાજર્ષિ સત્યવ્રતની ભગવાને મત્સ્યસ્વરૂપ ધારણ કરી યુગપ્રલય વખતે રક્ષા કરી, એ કથા આવે છે. આત્મા, અંતઃકરણ, પ્રાણ, ઇન્દ્રિયો અને દેહ એ સર્વમાં બળ હોય તો જ ભગવત્કૃપાથી સત્યવ્રત બનાય અને તો જ મહાપ્રલયમાં પણ રક્ષા સંભવી શકે. એ સર્વ શક્તિઓ સંપાદન કરવા માટે આ મંત્રનું અનુષ્ઠાન સાધનભૂત છે.

*

પ્રયોગ : ૧૫

ધારણાર્થે કૂર્મોપાસના

મંત્ર :

ॐ नमो भगवते अकूपाराय सर्वसत्त्वगुणविशेषणायानुपलक्षितस्थानाय नमो वर्ष्मणे नमो भूम्ने नमो नमोऽवस्थानाय नमस्ते । भा. ५-१८-३०

સર્વ સત્ત્વગુણુની વિશેષતાવાળા, અગમ્ય સ્થાનવાળા, કૃપાવર્ષણ કરનાર, મહાન, ભગવાનના કૂર્મસ્વરૂપને ધારણા માટે અમે વંદન કરીએ છીએ.

વિધિ : નં. ૧ માં જણાવ્યા પ્રમાણે.

સ્તુતિ :

શ્રીમદ્ભાગવતમાં સ્કં. ૫–૧૮–૩૧ થી ૩૩ એમ ત્રણ શ્લોક આ સ્તુતિમાં આપવામાં આવ્યા છે. એમાંથી એક નીચે પ્રમાણે છે :

यद्रूपमेतन्निजमाययार्पितमर्थस्वरूपं बहुरूपरूपितम् ।
संख्या न यस्यास्त्ययथोपलंभनात् तस्मै नमस्तेऽव्यपदेशरूपिणे ॥

વિશેષ વક્તવ્ય :

પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલી ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને દેહની શક્તિનો હ્રાસ થતાં આ અનુષ્ઠાન કરવાથી તેની પૂર્તિ થાય છે. શ્રીમદ્ભાગવતના અષ્ટમ સ્કંધના સમુદ્રમંથનના ચરિત્રમાં ભગવાનની કૂર્માવતારની કથા આવે છે. સંસાર એ સમુદ્ર જ છે ને ? એમાં દૈવી અને આસુરી સંપત્તિ સદાય ઝઘડે છે. અમૃતત્વ મેળવવાનો બંનેનો પ્રયાસ છે. ભગવાન તો દયાળુ છે. બંનેની ધારણારૂપ મંદરને ધારણ કરે છે, પણ સત્ત્વપ્રધાનશીલ-સ્વભાવ હોવાથી દેવોને જ અમૃત મળે છે. એ અમૃતત્વની પ્રાપ્તિ માટે આ અનુષ્ઠાન છે.

*

પ્રયોગ : ૧૬

જીવનના ઉત્થાન માટે વારાહોપાસના

મંત્ર :

ॐ नमो भगवते मन्त्रतत्त्वलिङ्गाय यज्ञक्रतवे महाध्वरात्रयवाय महापुरुषाय नमः कर्मशुक्लाय त्रियुगाय नमस्ते। भा. ५-१८-३५

મંત્રોનું તત્ત્વ-યજ્ઞ-એ જેમનું સ્વરૂપ છે, મહાયજ્ઞો જેમના અવયવો છે, કર્મથી વિશુદ્ધ, ત્રણ સન્ધિ (મંત્ર, યંત્ર અને તંત્ર)વાળા ભગવાન યજ્ઞનારાહને અમે વંદન કરીએ છીએ.

વિધિ : નં. ૧ માં જણાવ્યા પ્રમાણે.

સ્તુતિ :

શ્રીમદ્ભાગવતમાં આ અંગે સ્તુતિના ભા. ૫-૧૮-૩૬ થી ૩૯ એમ ચાર શ્લોક આપ્યા છે, એમાંનો એક નીચે પ્રમાણે :

यस्य स्वरूपं कवयो विपश्चितो
गुणेषु दारुष्विव जातवेदसम्।
मथ्नन्ति मथ्ना मनसा दिदृक्षवो
गूढं क्रियार्थैर्नम ईरितात्मने ॥ भा. ५-१८-३६

વિશેષ વક્તવ્ય :

શ્રીમદ્ભાગવતના તૃતીય સ્કંધમાં ભગવાનના વરાહ અવતારની કથા છે. વરાહ એટલે યજ્ઞ. એનાં બે કાર્ય :

(૧) રસાતલમાં—લગભગ વિનાશ સુધી પહોંચી ગયેલી પૃથ્વી–માનવસંસ્કારિતા–નો ઉદ્ધાર.

(૨) હિરણ્યાક્ષ–લોભનો નાશ.

આ પ્રયોગ માનવના સંસ્કારની રક્ષા તથા ઉદ્ધાર માટે ઉપયુક્ત છે. એની સાથે લોભ નાશ થતાં સંતોષ-પ્રાપ્તિ થશે.

*

પ્રયોગ : ૧૭

સંકલ્પસિદ્ધિ માટે

મંત્ર :

अवतारो हरेर्योऽयं कीर्तयेदन्वहं नरः ।
संकल्पास्तस्य सिद्ध्यन्ति स याति परमां गतिम् ॥

भा. ८–२४–६०

વિધિ :

આ મંત્રનું ત્રણ રીતે અનુષ્ઠાન થઈ શકે :

૧. રોજ બે હજાર મંત્રના જાપ કરી ૬૦૦૦૦ જપ એક માસમાં પુરા કરવાથી.

૨. આ શ્લોક વડે એ અધ્યાયનું (સ્કં. ૮, અ. ૨૪) સંપુટીકરણ કરી ૨૪ દિવસ પાઠ કરવાથી.

૩. રોજ એક હજાર પ્રમાણે ૨૪ દિવસમાં ૨૪ હજાર જપ કરવાથી.

સ્તુતિ :

तं त्वामहं देववरं वरेण्यं प्रपद्य ईशं प्रतिबोधनाय ।
छिन्ध्यर्थदीपैर्भगवन् वचोभिर्ग्रन्थीन् हृदय्यान् विवृणु स्वमोकः॥

વિશેષ વક્તવ્ય :

શ્રી વૃન્દાવનનિવાસી શ્રી રાધારમણજીના સેવાધિકારી પૂ. શ્રી. ૧૦૮ શ્રી અનન્તલાલજી મહારાજ શ્રીમદ્ ભાગવતના પરમ અભ્યાસી હતા, એ સુવિદિત છે. શ્રીમદ્ ભાગવત-કલ્પવૃક્ષ એના મંત્રોના અનુષ્ઠાનથી અનેકને ફલદાતા છે, એની સૌપ્રથમ પ્રેરણા અમને એઓશ્રીએ આપી. અમારા જીવનની મનોરથસિદ્ધિમાં આ મંત્રે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આ અનુભવેલો સિદ્ધ મંત્ર છે. એનાથી ઘણાં જીવન પ્રભુકૃપાથી સુખી થયાં છે. જ્યારે ધારેલી શુભ ઇચ્છાઓ પ્રયત્ન કરવા છતાં ફલીભૂત ન જ થતી હોય ત્યારે આ મંત્રનું અનુષ્ઠાન કરવા પ્રિય વાચકને વિનંતિ છે.

મહાવિપત્તિમાં નીચે જણાવેલા મંત્રથી* પણ આપત્તિનું નિવારણ થશે. એનું અનુષ્ઠાન પણ ઉપર જણાવ્યા પ્રમાણે કરી શકાય.

तमूचुर्मुनयः प्रीता राजन् ध्यायस्व केशवम् ।
स वै नः सङ्कटादस्मादविता शं विधास्यति ॥ भा. ८-२४-४२

*આ મન્ત્રપ્રયોગ અમને શ્રી. ઉમિયાશંકર વૈદ્ય, નવસારીવાળા તરફથી તેમના અનુભવો સાથે મળ્યો છે. કાશીના સ્વ. સુપ્રસિદ્ધ પં૦

પ્રયોગ : ૧૮

ટૂંકા સમયમાં અનાસક્ત થવા માટે

મંત્ર :

अथेशमायारचितेषु सङ्गं गुणेषु गन्धर्वपुरोपमेषु ।
रूढं प्रकृत्यात्मनि विश्वकर्तुर्भावेन हित्वा तमहं प्रपद्ये ॥

—भा. ९-९-४७


વિધિ : નં. ૧ માં જણાવ્યા પ્રમાણે.

સ્તુતિ :

विजयरथकुटुम्ब आत्ततोत्रे धृतहयरश्मिनि तच्छ्रियेक्षणीये ।
भगवति रतिरस्तु मे मुमूर्षोर्यमिह निरीक्ष्य हता गताः सरूपम् ॥

વિશેષ વક્તવ્ય :

જીવનની ઊતરતી સંધ્યાવાળાઓને આ અનુષ્ઠાન ઉપયુક્ત થશે.



શ્રી. સુંદરદેવજી જ્યોતિષાચાર્ય પાસેથી એમને એ પ્રયોગ મળ્યો હતો, એમ તેઓ જણાવે છે.

अथ श्रीनारायणयन्त्रपूजनम्

अथ मन्त्रः—ॐ नमो नारायणाय इत्यष्टाक्षरो मन्त्रः ।

अथ न्यासः—अस्य मन्त्रस्य साध्यनारायण ऋषिः दैवी गायत्री छन्दः विष्णुर्देवता सर्वेष्टसिद्धये जपे विनियोगः । साध्यनारायणर्षये नमः शिरसि । दैवी गायत्री छन्दसे नमः मुखे । विष्णुदेवतायै नमः हृदि । विनियोगाय नमः सर्वांगे ॥ इति **ऋष्यादिन्यासः** ॥


ॐ क्रुद्धोल्काय अंगुष्ठाभ्यां नमः । ॐ महोल्काय तर्जनीभ्यां नमः । ॐ वीरोल्काय मध्यमाभ्यां नमः । द्व्युल्काय अनामिकाभ्यां नमः । ॐ सहस्रोल्काय कनिष्ठिकाभ्यां नमः । इति **करन्यासः** ।

ॐ क्रुद्धोल्काय हृदयाय नमः । ॐ महोल्काय शिरसे स्वाहा । ॐ वीरोल्काय शिखायै वषट् । ॐ द्व्युल्काय कवचाय हुं । ॐ सहस्रोल्काय अस्त्राय फट् । इति **हृदयादिन्यासः** ॥

ॐ ॐ नमः हृदयाय नमः । ॐ नं नमः शिरसे स्वाहा । ॐ मों नमः शिखायै वषट् । ॐ नां नमः कवचाय हुं । ॐ रां नमः नेत्रत्रयाय वौषट् । ॐ यं नमः अस्त्राय फट् । ॐ णां नमः कुक्ष्योः ॐ यं नमः पृष्ठे । इति **मन्त्रवर्णैः षडंगन्यासः** ।

अथ

॥ अष्टाक्षरात्मकं श्रीनारायणमन्त्रयन्त्रम् ॥



अथ मन्त्रवर्णैरष्टांगन्यासाः*

ॐ ॐ नमः आधारे। ॐ नं नमः हृदि। ॐ मों नमः वक्त्रे। ॐ नां नमः दक्षिणभुजे। ॐ रां नमः वामभुजे। ॐ यं नमः दक्षिण पादे। ॐ णां नमः वामपादे। ॐ यं नमः नाभौ इति प्रथमो न्यासः॥

ॐ ॐ कण्ठे। ॐ नं नमः नाभौ। ॐ मों नमः हृदि। ॐ नां नमः दक्षिणस्तने। ॐ रां नमः वामस्तने। ॐ यं नमः दक्षिणपार्श्वे। ॐ णां नमः वामपार्श्वे। ॐ यं नमः पृष्ठे। इति द्वितीयो न्यासः॥

ॐ ॐ नमः मूर्ध्नि। ॐ नं नमः मुखे। ॐ मों नमः दक्षिणनेत्रे। ॐ नां नमः वामनेत्रे। ॐ रां नमः दक्षिणकर्णे ॐ यं नमः वामकर्णे। ॐ णां नमः दक्षिणनासापुटे। ॐ यं नमः वामनासापुटे। इति तृतीयो न्यासः॥

ॐ ॐ नमः दक्षबाहुमूले। ॐ नं नमः दक्षकूर्परे। ॐ मों नमः दक्षमणिबन्धे। ॐ नां नमः दक्षहस्तांगुलिमूले। ॐ णां नमः वामकूर्परे। ॐ यं नमः वाममणिबन्धे। इति चतुर्थो न्यासः॥

ॐ ॐ नमः वामहस्ताङ्गुलिमूले। ॐ नं नमः वामहस्ताङ्गुल्यग्रे। ॐ नमः दक्षिणापादमूले। ॐ नां नमः दक्षिणजानुनि।

* मन्त्रन्यासं ततः कुर्यात्सर्वकामफलप्रदम्।
यं विना नैव तत्सिद्धिः सम्यगासुरनिष्फलम्॥ मं.म.

ॐ रां नमः दक्षिणांगुलौ । ॐ यं नमः दक्षपादांगुलिमूले । ॐ णां नमः दक्षपादाङ्गुल्यग्रे । ॐ यं नमः वामपादमूले । इति पंचमो न्यासः ॥

ॐ ॐ नमः वामजानुनि । ॐ नं नमः वामगुल्फे । ॐ मों नमः वामपादाङ्गुलिमूले । ॐ नां नमः वामपादाङ्गुल्यग्रे । (हृदये करं दत्त्वा) ॐ रां नमः त्वचि । ॐ यं नमः रक्ते । ॐ णां नमः मांसे । ॐ यं नमः मेदसि । इति षष्ठो न्यासः ॥

ॐ ॐ नमः अस्थिन । ॐ नं नमः मज्जायाम् । ॐ मों नमः शुक्रे । ॐ नां नमः प्राणे । ॐ रां नमः हृदि । ॐ यं नमः दक्षिणगले । ॐ णां नमः वामगले । ॐ यं नमः हृदि । इति सप्तमो न्यासः ॥

ॐ ॐ नमः मूर्ध्नि । ॐ नं नाम नेत्रयोः । ॐ मों नमः मुखे । ॐ नां नमः हृदि । ॐ रां नमः कुक्षौ । ॐ यं नमः ऊर्वोः । ॐ णां नमः जंघयोः । ॐ यं नमः पादयोः । इति अष्टमो न्यासः ॥

अथ द्वादशमूर्तिपञ्जरन्यासः *

ॐ ॐ अं केशवाय धात्रे नमः ललाटे । ॐ नं आं नारायणायार्यम्णे नमः कुक्षौ । ॐ मों इं माधवाय मित्राय नमः

* तन्मूर्तिपञ्जरन्यासोऽभीप्सितः परमेष्ठिना ।
सकृन्न्यासाद् भवेन्मन्त्री विष्णुमूर्तिरनुत्तमा ॥ मं.म.

